RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 13-08-2026 I VOL : 12 I Issue : 149 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

આત્મસન્માન સૌથી મોટું ધન છે. સફળતા પહેલા શિસ્ત આવે છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  વડોદરાના ખટંબામાં ₹300 કરોડની સરકારી જમીન પચાવી પાડવાનું ભયાનક...

4  આજના યુવાનોમાં ઘટતી જતી સામાજિક જવાબદારી...

6  "હા, હું અંધભક્ત છું!" - અનફોલો કરનારા ટ્રોલ્સ, બોલીવૂડ સેલેબ્સ પર...

7  બુમરાહ-સુદર્શન બાદ વધુ એક સ્ટાર ટીમ ઈન્ડિયાથી બહાર થશે

# રાહુલ ગાંધીનો ગૃહમંત્રી અમિત શાહ પર મોટો પ્રહાર

## "ભાષણબાજી બંધ કરો, વિદ્યાર્થીઓ પર દમનનો આદેશ કોણે આપ્યો તે સ્પષ્ટ કરી રાજીનામું આપો"

નવી દિલ્હી

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન દેશના ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષ સામે ચર્ચાથી ભાગવાનો આક્ષેપ કર્યો તે પછી રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. આ નિવેદનનો પલટવાર કરતા લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ દિલ્હીના રાજકારણમાં મોટો ધમાકો કર્યો છે. સંસદ ભવન સંકુલમાં મીડિયા સાથે વાતચીત કરતી વખતે રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવતા સ્પષ્ટ કહી દીધું કે, દેશના યુવાનો અને વિપક્ષને અમિત શાહના મોઢેથી કોઈ લાંબા કે નીરસ ભાષણો સાંભળવામાં સહેજ પણ રસ નથી. દેશ હવે માત્ર જવાબો અને જવાબદારી માંગે છે. વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને કથિત બળપ્રયોગની ઘટનાને મુદ્દો બનાવીને રાહુલ ગાંધીએ ગૃહમંત્રી અને કેન્દ્ર સરકાર પર સીધો પ્રહાર કર્યો છે. તેમણે અત્યંત આકરા શબ્દોમાં સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, 'જો અમિત શાહે દેશના નિર્દોષ વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ




કરવાનો કે બળપ્રયોગ કરવાનો આદેશ આપ્યો હતો, તો તેમણે નૈતિકતાના ધોરણે તાત્કાલિક ધોરણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ. અને જો તેમણે આ આદેશ નહોતો આપ્યો, તો પછી ગૃહ મંત્રાલય કે પોલીસ પ્રશાસનમાં એવો કયો અધિકારી છે જેણે વિદ્યાર્થીઓ પર દમન ગુજારવાનો આદેશ આપ્યો?.

### શાહે કહ્યું- સ્પીકર ચર્ચા માટે સમય નક્કી કરે:હું સદનમાં રહીશ

ગૃહમંત્રી અમિત શાહે બુધવારે લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખ્યો. તેમણે NEET પેપર લીક પર વિદ્યાર્થીઓના પ્રદર્શનના મુદ્દા પર ચર્ચા કરવા માટે સમય નક્કી કરવાની માગ કરી. શાહે પત્રમાં લખ્યું, 'મારી વિનંતી છે કે સ્પીકર વિપક્ષ સાથે ચર્ચા કરે અને પરસ્પર સહમતિના આધારે આજથી આ મુદ્દા પર ચર્ચા કરવા માટે જેટલો સમય, દિવસ કે કલાકો યોગ્ય લાગે તે નક્કી કરે. હું નિર્ધારિત સમય દરમિયાન ગૃહમાં હાજર રહીશ અને આ મુદ્દા પર ચર્ચામાં ભાગ લેવા તૈયાર છું. વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ પ્રશ્નોના જવાબ આપવા માટે પણ હું તૈયાર છું." આ પહેલાં ગૃહની બહાર શાહે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે સરકાર દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે, પરંતુ વિપક્ષ ગૃહને ચાલવા દે. ગૃહમંત્રી અમિત શાહે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો. તેમણે કહ્યું કે, તમે જાણો છો કે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કાર્ય મંત્રણા સમિતિ (BAC)ની બેઠક દરમિયાન સરકાર વતી NEET પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓના પ્રદર્શન પર સંસદમાં ચર્ચા કરાવવા પર સહમતિ દર્શાવી છે.

## એક નજર...

### શોટ્‌ર્સ અને ટી શર્ટમાં અંકિતા દવેએ શેર કરી હોટ તસવીરો



અંકિતા દવે શોટ્‌ર્સ અને ટીશર્ટમાં જોવા મળી રહી છે. તે તેના કર્વી ફિગર અને ટોન્ડ લેગ્સ પણ ફ્લોન્ટ કરી રહી છે. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર, મોડલ અને એક્ટ્રેસ અંકિતા દવે સોશિયલ મીડિયા પર હોટ ફોટો પોસ્ટ કરવાને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. હાલમાં જ તેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

## NEWS TRACK

### રશિયાએ ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડને સોંપી મોટી જવાબદારી, યુક્રેન સાથેના કરોડો ડૉલરનો કાનૂની વિવાદ ઉકેલશે!

ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ(CJI) ડી.વાય. ચંદ્રચૂડને એક મહત્ત્વની આંતરરાષ્ટ્રીય જવાબદારી મળી છે. રશિયાએ યુક્રેનની સરકારી 'ઓશાડબૅંક' સાથે ચાલી રહેલા કરોડો ડૉલરના રોકાણ વિવાદમાં તેમને પોતાના મધ્યસ્થ (સંચાલક) તરીકે પસંદ કર્યા છે. આ સમગ્ર વિવાદ રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન બૅંકને થયેલા મોટા આર્થિક નુકસાન અને તેના વળતરના દાવાઓ સાથે જોડાયેલો છે. ત્રણ સભ્યોની ટ્રિબ્યુનલ કરશે કેસની સુનાવણી 'ગ્લોબલ આર્બિટ્રેશન રિવ્યૂ'ના અહેવાલ મુજબ, આ હાઈ-પ્રોફાઈલ વિવાદનો ઉકેલ લાવવા માટે ત્રણ સભ્યોની એક સમિતિ (ટ્રિબ્યુનલ) બનાવવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે કોસ્ટા રિકાના પૂર્વ વેપાર મંત્રી ડિયાલા જિમેનેજને રશિયા અને યુક્રેન બંનેની સંમતિથી પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે રશિયા તરફથી ભારતના પૂર્વ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડ અને યુક્રેનની ઓશાડબૅંક તરફથી ગ્રીસના પ્રોફેસર સ્તાવરોસ બ્રેકૌલકિસ આ કમિટીમાં મધ્યસ્થ તરીકે સામેલ થશે.

### ભારત પર 100% ટૅરિફના સંકટ વચ્ચે વ્હાઇટ હાઉસના ટ્રેડ એડવાઇઝરે સંકટને ઉકેલવાનો માર્ગ જણાવ્યો

લિન્ડસે ગ્રેહામ બિલની ભારત પર પડનારી અસર અંગે પૂછાયેલા એક સવાલનો જવાબ આપતા વ્હાઈટ હાઉસના ટ્રેડ એડવાઈઝર પીટર નવારોએ મંગળવારે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેનો ઉકેલ લાવી દેશે. એક ન્યૂઝ એજન્સીના સવાલનો જવાબ આપતાં નવારોએ કહ્યું હતું કે, 'પ્રમુખ અને તમારા વડાપ્રધાન વચ્ચે ખૂબ જ સારા કામકાજી સંબંધો છે. તેઓ પરસ્પર આનો ઉકેલ લાવી દેશે અને તેમાં મારો કોઈ હસ્તક્ષેપ નથી.' તેમણે આ વાત ટ્રમ્પ સમર્થિત રશિયા પ્રતિબંધ બિલ વિશે પૂછાયેલા સવાલના જવાબમાં કહી હતી, જેના હેઠળ ભારત પર 100% સુધીનો ટૅરિફ લગાવી શકાય છે. આ બિલનું નામ દિવંગત સીનેટર લિન્ડસે ગ્રેહામના નામ પર રાખવામાં આવ્યું છે. આ બિલ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસ ખરીદનારા ટોપ 5 દેશો પર ટૅરિફ લગાવી શકે છે, જેમાં ભારત અને ચીન પણ સામેલ છે. નવારોએ કહ્યું કે, 'મને લાગે છે કે યુક્રેન-રશિયા યુદ્ધ દરમિયાન લગભગ 6-8 મહિના પહેલાં મેં 'ફાઈનાન્સિયલ ટાઈમ્સ'માં એક લેખ લખ્યો હતો.

## દેશમાં ચોમાસું બનશે વધુ આક્રમક: 13થી 18 ઓગસ્ટ અનેક રાજ્યોમાં IMDનું એલર્ટ

નવી દિલ્હી

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર અને મોન્સૂન સિસ્ટમ સક્રિય થવાને કારણે 13થી 18 ઓગસ્ટ દરમિયાન દેશના મોટાભાગના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. સૌથી વધુ સંકટ પશ્ચિમ બંગાળ અને ઓડિશા પર છે જ્યાં અત્યંત ભારે વરસાદની ચેતવણી અપાઈ છે. આ ઉપરાંત દિલ્હી-NCR, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દક્ષિણ ભારતના રાજ્યો અને પૂર્વોત્તર ભારતમાં પણ આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદનો નવો તબક્કો શરૂ થશે. દિલ્હી-NCRમાં વાદળછાયું વાતાવરણ અને હળવા ઝાપટાં રાજધાની દિલ્હીમાં 13 ઓગસ્ટે આકાશ વાદળછાયું રહેશે. દક્ષિણ હરિયાણા પર સર્જાયેલી ચક્રવાતી સિસ્ટમના કારણે દિલ્હી-NCRના કેટલાક વિસ્તારોમાં ધીમી ધારે હળવો વરસાદ પડી શકે છે.

## દેશભરમાં ખાનગી હોસ્પિટલોની ખુલ્લી 'લૂંટ'

### સરકારી કરતાં 8 ગણી મોંઘી સારવારથી દર્દીઓની હાલત કફોડી

નવી દિલ્હી

ભારતમાં પોસાય તેવી આરોગ્ય સેવા અને તેમાં રહેલી પારદર્શકતાનો મુદ્દો ફરી એકવાર રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો છે. હાલમાં જ લોકલ સર્કલ્સ દ્વારા કરાયેલા એક વ્યાપક સર્વેક્ષણ અને સંસદીય સ્થાયી સમિતિ દ્વારા રાજ્યસભામાં રજૂ કરાયેલા 176મા અહેવાલે ખાનગી હોસ્પિટલોમાં થતા જંગી ખર્ચ અને અપારદર્શક બિલિંગની કડવી વાસ્તવિકતા ઉજાગર કરી છે. અચાનક આવી પડતી બીમારી કે ઈમરજન્સી વખતે ખાનગી હોસ્પિટલમાં દાખલ થવું એ સામાન્ય પરિવારો માટે માત્ર શારીરિક-માનસિક ચિંતા જ નથી લાવતું, પરંતુ અસહ્ય આર્થિક બોજ પણ ઊભો કરે છે. LocalCircles દ્વારા હાથ ધરવામાં આવેલા આ સર્વેમાં દેશભરના 306 જિલ્લાઓમાંથી 23,084 થી વધુ નાગરિકોના પ્રતિભાવો લેવાયા હતા. આ ભારતનું અગ્રણી સોશિયલ મીડિયા અને ગવર્નન્સ પ્લેટફોર્મ છે, જે નાગરિકો અને સરકાર વચ્ચે સેતુ સમાન કામ કરે છે. લિંગ ગુણોત્તર : સર્વેમાં ભાગ લેનારાઓમાં 69% પુરુષો અને 31% મહિલાઓ સામેલ હતી. ભૌગોલિક વિભાજન : 46% ટાયર-1, 30% ટાયર-2 અને 24% ટાયર-3, 4 તથા 5 જિલ્લાઓમાંથી પ્રતિભાવો મળ્યા હતા. આ દર્શાવે છે કે ખાનગી હોસ્પિટલના મોંઘા બિલની સમસ્યા માત્ર મહાનગરો પૂરતી મર્યાદિત નથી, પરંતુ નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પણ એટલી જ ગંભીર છે. સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવની અધ્યક્ષતાવાળી આરોગ્ય સંબંધિત સંસદીય સ્થાયી સમિતિના 176મા અહેવાલમાં નેશનલ સેમ્પલ સર્વે (NSS)ના 80મા રાઉન્ડ (જાન્યુઆરીથી ડિસેમ્બર 2025)ના ડેટા રજૂ કરાયા છે.

## ઘરમાં કરોડોની 'બળેલી નોટો'નો મામલો : જસ્ટિસ વર્મા સામેના ત્રણેય આરોપો સિદ્ધ

નવી દિલ્હી

જસ્ટિસ યશવંત વર્મા સાથે જોડાયેલા કેશ કાંડ કેસમાં સંસદીય તપાસ સમિતિનો રિપોર્ટ સામે આવ્યો છે. સમિતિએ જણાવ્યું કે, દિલ્હી સ્થિત તેમના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોરરૂમમાંથી મોટી માત્રામાં ભારતીય ચલણી નોટો મળી



આવવા અને તેના સ્ત્રોત કે માલિકી હક અંગે કોઈ સંતોષકારક સ્પષ્ટતા આપવામાં આવી નથી. સંસદીય સમિતિની તપાસમાં સાબિત થયેલા 3 આક્ષેપો અઘોષિત રોકડ રકમ: દિલ્હીના 30, તુઘલક ક્રેસન્ટ સ્થિત સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોરરૂમમાંથી 500 ની નોટોના રૂપમાં મોટી માત્રામાં રોકડ મળી આવી હતી, જેનો સ્ત્રોત કે માલિકી જજ દર્શાવી શક્યા નથી. પુરાવાઓની જાળવણીમાં બેદરકારી: ઘટનાસ્થળેથી ભૌતિક પુરાવાઓને યોગ્ય રીતે સુરક્ષિત રાખવામાં આવ્યા ન હતા, અને પાછળથી કેટલીક નોટો ગાયબ થવા અંગે કોઈ સ્પષ્ટતા મળી ન હતી.

## MPમાં સતત 3 દિવસથી વરસાદ, પૂર જેવી સ્થિતિ



દેશના મધ્ય અને પૂર્વ ભાગમાં ચોમાસું સક્રિય છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે ભારે વરસાદને કારણે સ્થિતિ વણસી છે. આનું કારણ ત્રણ મોનસૂનની સિસ્ટમ છે. જેને લીધે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી મોટી માત્રામાં ભેજ આવી રહ્યો છે. ભોપાલમાં બુધવારે સતત ત્રીજા દિવસે શાળાઓમાં રજા છે. અહીં બે દિવસમાં 8.57 ઈંચ વરસાદ નોંધાયો છે. આશરે 200 મકાનોમાં અઢી ફૂટ સુધી પાણી ભરાઈ ગયું.

## મુંબઈમાં ચાલી ઉપર પહાડનો હિસ્સો ધસી પડ્યો, કાટમાળમાં દટાઈ જતાં 6ના મોત

મુંબઇ

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના કુર્લા(પશ્ચિમ) વિસ્તારમાં આવેલા ચિરાગ નગર સ્થિત ગૌસિયા ચાલ પર બુધવારે વહેલી સવારે પહાડનો એક મોટો હિસ્સો ધરાશાયી થયો હતો. ભારે વરસાદને કારણે થયેલા આ ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં 6 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે અનેક લોકો કાટમાળ નીચે દબાયા હોવાની આશંકા છે. ઘટના બનતાં જ રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વહેલી સવારે બન્યો અકસ્માત, NDRF અને ફાયર બ્રિગેડ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન મુંબઈ મહાનગરપાલિકા (BMC) અનુસાર, આ ઘટનાની જાણ વહેલી સવારે આશરે 3:48 વાગ્યે થઈ હતી. દુર્ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ટીમ, મુંબઈ પોલીસ, 108 એમ્બ્યુલન્સ, NDRF અને BMCના સ્થાનિક કર્મચારીઓ તાત્કાલિક પહોંચી ગયા હતા. તેમજ કાટમાળ નીચે ફસાયેલા લોકોને શોધવા માટે ખાસ 'વિક્ટિમ-ડિટેક્શન કેમેરા'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેથી ઝડપથી લોકોને બહાર કાઢી શકાય.

## ભાજપે રામ મંદિર મુદ્દે રાજકારણ કર્યું, હવે સંસદમાં મૌન : પ્રિયંકા ગાંધીના કેન્દ્ર સરકાર પર પ્રહાર



નવી દિલ્હી

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ બુધવારે રામ મંદિરના કથિત ચઢાવાની ચોરીના મુદ્દા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, સરકાર આ મુદ્દાને રાજ્યનો વિષય બતાવીને સંસદમાં જવાબ આપવાથી બચી રહી છે. પ્રિયંકા ગાંધી વાડ્રાના મુખ્ય પ્રહારો સંસદમાં જવાબ આપવાનો ઈનકાર: પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, સરકાર રામ મંદિરના ચઢાવા અંગેના સવાલોના જવાબ આપવાનું ટાળી રહી છે. લોકસભા ચૂંટણી પહેલા ભાજપે રામ મંદિરથી રાજકીય લાભ લેવામાં કોઈ સંકોચ દર્શાવ્યો ન હતો, પરંતુ હવે જવાબદારીથી ભાગી રહી છે. જનતા પ્રત્યે જવાબદારીનો અભાવ: સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા વિરોધ અને ગતિરોધ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, આ બાબત દર્શાવે છે કે, સરકાર જનતા પ્રત્યે પોતાની જવાબદારી અનુભવતી નથી. સંસદ જ એ સ્થાન છે, જ્યાં સરકારે સવાલોના જવાબ આપવાના હોય છે, અને સત્તાવાર નિવેદન આપવાનું હોય છે. પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગનો મુદ્દો: દેશભરમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન અંગે વાત કરતા તેમણે કહ્યું કે, યુવાનો દિલ્હી સહિત દેશભરમાં રસ્તા પર ઉતર્યા હતા.

## છૂટક મોંઘવારી સતત સાતમા મહિને વધી, ખાવા-પીવાની વસ્તુઓ મોંઘી

નવી દિલ્હી

બટાકા-ડુંગળી જેવી ખાદ્ય ચીજોના ભાવ વધવાને કારણે છૂટક મોંઘવારી સતત સાતમા મહિને વધી છે. જુલાઈમાં તે 4.45% રહી. એક મહિના પહેલાં જૂનમાં તે 4.38% પર હતી. આજે 12 ઓગસ્ટે છૂટક મોંઘવારીના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ખાદ્યપદાર્થોની મોંઘવારી એટલે કે ફૂડ ઈન્ફ્લેશન જુલાઈમાં વધીને 5.52% પર પહોંચી ગયું છે. જૂનમાં આ આંકડો 5.32% પર હતો. મોંઘવારીનું વધવું-ઘટવું પ્રોડક્ટની ડિમાન્ડ-સપ્લાય પર નિર્ભર કરે છે. જો લોકો પાસે પૈસા વધારે હશે તો તેઓ વધારે વસ્તુઓ ખરીદશે. તેનાથી વસ્તુઓની ડિમાન્ડ વધશે અને સપ્લાય ન હોવા પર તેની કિંમત વધશે. જ્યારે જો ડિમાન્ડ ઓછી હશે અને સપ્લાય વધારે તો મોંઘવારી ઓછી થશે. જ્યારે આપણે કહીએ છીએ કે જુલાઈ 2026માં મોંઘવારી 4.45% છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# પણસોરા ચોકડીથી મહિલાની છેડતી કરી ચાંદીના કડલાં લૂંટનાર ભયાનક લૂંટારૂ મહુધા પોલીસની ઝાપટમાં: બાબુ ભોજાણી જેલભેગો!

ખેડા

ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં સરેઆમ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતી એક સનસનાટીભરી ઘટનાનો મહુધા પોલીસે આખરે પર્દાફાશ કર્યો છે. પણસોરા ચોકડી પાસેથી પસાર થઈ રહેલી નિર્દોષ મહિલાની છેડતી કરી, તેને ડરાવી-ધમકાવીને પગમાં પહેરેલા ચાંદીના કડલાંની લૂંટ ચલાવી ફરાર થઈ ગયેલા રીઢા ગુનેગારને પોલીસે દબોચી લીધો છે. મહિલાઓ સુરક્ષિત નથી તેવો ભયનો માહોલ ઊભો કરનાર આ લૂંટારૂને પોલીસે ગણતરીના સમયમાં જેલના સળિયા પાછળ ધકેલી દઈને પ્રશંસનીય કામગીરી કરી છે. મહુધા સણાલીના નાના વગા, ભગવતી નગર વિસ્તારમાં રહેતા આરોપી બાબુ ભોજાણીએ પણસોરા ચોકડી નજીક મહિલાને એકલી જોઈ તેની છેડતી કરી હતી. ત્યારબાદ બળજબરીપૂર્વક મહિલા પાસેથી ચાંદીના કડલાં લૂંટીને નાસી છૂટ્યો હતો. પીડિત મહિલાએ હિંમત દાખવી સમગ્ર મામલે મહુધા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું.

# નડિયાદ શહેરમાં સ્ટ્રીટ લાઇટ અને મચ્છરોના ઉપદ્રવથી રહીશોમાં રોષ

ઘડિયા, દિપક પરમાર

નડિયાદ શહેરના ઉત્તરસંડા વોર્ડ-12માં લાંબા સમયથી સ્ટ્રીટ લાઇટની સમસ્યા તેમજ મચ્છરોના વધતા ઉપદ્રવને લઈને સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

રહીશોનું કહેવું છે કે ચૂંટણી પહેલાંથી સ્ટ્રીટ લાઇટની સમસ્યા અંગે વારંવાર ફરિયાદો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી યોગ્ય ઉકેલ આવ્યો નથી. બીજી તરફ મચ્છરોના વધતા ઉપદ્રવને કારણે પણ લોકો પરેશાન છે, પરંતુ આ અંગે જરૂરી કામગીરી કરવામાં ન આવતાં લોકોમાં નારાજગી જોવા મળી હતી.

આ દરમિયાન કોર્પોરેટર સ્થળ પર મુલાકાતે પહોંચતા રહીશોએ પોતાની સમસ્યાઓ રજૂ કરી ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો. જોકે કોર્પોરેટરે રહીશોને સમજાવી સમગ્ર સ્થિતિ સંભાળી હતી અને સમસ્યાના ઉકેલ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# દાંતા તાલુકાના નિઝામપુરા ખાતે જંગલી જાનવરના હુમલામાં 4-5 ભેંસના બચ્ચા અને વાછરડાના મોત

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના પાતળીયા ગામની બાજુમાં આવેલા નિઝામપુરા ગામ માંથી પશુઓ પર જંગલી જાનવરના હુમલાની ઘટના સામે આવી છે.સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ગામની ડેરીની પાછળ આવેલા એક તબેલામાં ગઈકાલે રાત્રે કોઈ જંગલી જાનવરે ઘૂસીને તબાહી મચાવી હતી. આ હુમલામાં 4 થી 5 પાડી અને રેલલા ને જંગલી જાનવરે મારી નાખ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો દ્વારા તાત્કાલિક જંગલ ખાતા ને જાણ કરવામાં આવી હતી. જંગલ ખાતાની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃત પશુઓનું *પોસ્ટમોર્ટમ પણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાથી નિઝામપુરા અને આસપાસના ગામના પશુપાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોએ તંત્ર પાસે વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવા અને જંગલી જાનવરોને પાંજરે પૂરવાની માંગ કરી છે,જંગલ ખાતા દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# સંસ્કારી નગરી વડોદરામાં 15મી ઓગસ્ટે વરિષ્ઠ કાયસ્થ નાગરિકોનો યોજાશે ભવ્ય સન્માન સમારોહ

વડોદરા

૧ ૫મી ઓગસ્ટની સ્વતંત્રતા પર્વની સાંજે સંસ્કારી નગરી વડોદરા ખાતે વરિષ્ઠ કાયસ્થ સમાજ દ્વારા એક વિશેષ અને ગૌરવપૂર્ણ સ ન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય ઘનશ્યામભાઈ રાવ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, આ કાર્યક્રમ આગામી ૧૫/૦૮/૨૦૨૬ ને શનિવારના રોજ સાંજે વડોદરા ખાતે યોજાશે. આ ભવ્ય સમારોહ વડોદરા કાયસ્થ સમાજના વરિષ્ઠ રાષ્ટ્રીય મહાસ ચિવ તથા પ્રદેશ પ્રમુખ કૃ ષ્ણકુમાર વાસ્તવની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાશે. ડૉ. અનુપ વાસ્તવના કુશળ માર્ગદર્શન અને સમાજના પ્રખર અવાજ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં અધ્યક્ષના વરદ હસ્તે સમાજના ૮૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ કાયસ્થ મહાનુભાવોનું વિશેષ બહુમાન કરવામાં આવશે. આ એવા આદરણીય સદસ્યો છે જેમણે દેશની પરાધીનતાથી લઈને સ્વતંત્રતા અને આજના સમર્થ ભારતની અવિરત વિકાસ યાત્રાને પ્રત્યક્ષ રીતે નિહાળી છે. કાર્યક્રમમાં સાંસ્કૃતિક રંગ ઉમેરવા માટે બાળકો દ્વારા મનોરંજક પ્ર સ્તુતિઓ રજૂ કરવામાં આવશે.

# મરીડા ગામની સીમમાં નડિયાદ રૂરલ પોલીસનો દરોડો: 3 જુગારીઓ ઝડપાયા

ખેડા

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં આવેલ મરીડા ગામના સીમ વિસ્તારમાં ખુલ્લામાં જુગાર રમતા ત્રણ ઈસમોને નડિયાદ રૂરલ પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧૬,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગત મુજબ, ખેડા જિલ્લા પોલીસ વડાની સૂચનાથી નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે તથા અસામાજિક પ્રવૃત્તિઓ પર નજર રાખવા નાઈટ પેટ્રોલીંગમાં હતો.

આ દરમિયાન પોલીસ ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે મરીડા ગામની સીમમાં આવેલ ખેતરના ખુલ્લા ભાગમાં કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે ભેગા થઈને પત્તા પાના વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમી મળતા જ નડિયાદ રૂરલ પોલીસ ટીમે ત્વરિત અને વ્યૂહાત્મક આયોજન કરી મરીડા સીમ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.

## ગાયના નામે મત અને કતલખાનાઓ પાસેથી કરોડોનું દાન!

# ભાજપ અને સંઘના 'હિંદુત્વવાદ'ના નાટકનો પર્દાફાશ, પિંક રિવોલ્યુશનના નામે જનતા સાથે મોટો વિશ્વાસઘાત!

અમદાવાદ

ગુજરાત અને દેશની ભોળી જનતા સમક્ષ ધર્મ, ગૌરક્ષા અને હિંદુત્વની મોટી મોટી વાતો કરતી ભાજપ સરકાર અને સંઘના બોદા દાવાઓનો ભયાનક પર્દાફાશ થયો છે. એક તરફ ગાયને માતા કહીને ચૂંટણીઓમાં હિંદુઓના મત અંકિત કરવામાં આવે છે, તો બીજી તરફ આ જ સરકારના શાસનમાં દેશભરમાં હજારો કતલખાનાઓને મંજૂરી આપીને 'પિંક રિવોલ્યુશન' (ગુલાબી ક્રાંતિ)ને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હોવાના ગંભીર આરોપો સામે આવ્યા છે. ઈલેક્ટોરલ બોન્ડ્સ અને દાનના નામે કતલખાનાઓ ચલાવતી કંપનીઓ પાસેથી કરોડો રૂપિયાનો ચંદો ઉઘરાવીને સત્તાધીશોએ પોતાની અસલી મનોવૃત્તિ છતી કરી દીધી છે.

### 10,735 કતલખાનાઓને મંજૂરી!: ગૌરક્ષકોના નામે માત્ર ઉન્માદ ફેલાવ્યો!

મળતી માહિતી અને આંકડાઓ મુજબ, દેશભરમાં ૧૦,૭૩૫ જેટલાં કતલખાનાઓને મંજૂરી આપવામાં આવી છે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને પ્રશાસનની છત્રછાયા હેઠળ કસાઈઓ અને અનધિકૃત કતલખાનાઓ પર ચાર હાથ હોવાના આક્ષેપોથી રાજકારણ ગરમાયું છે. સંઘ અને ભાજપે ગાય, ગૌરક્ષકો અને કતલખાનાના નામે સમાજમાં માત્ર હિંદુત્વનો ઉન્માદ અને ધ્રુવીકરણ ફેલાવવા સિવાય વાસ્તવિક જમીન પર કશું જ કર્યું નથી. જે ગૌરક્ષકો રાત-દિવસ જીવના જોખમે ગૌવંશ બચાવવા નીકળે છે, તેમની ભાવનાઓનો ઉપયોગ માત્ર વોટબેંકના રાજકારણ માટે કરવામાં આવ્યો છે.

### દાન મેળવીને 'પિંક રિવોલ્યુશન'ને ઉત્તેજન: હિંદુવાદી સરકારની નીતિઓ ઊંધી પડી!

જે શાસકો પોતાની જાતને ગૌરક્ષક અને હિંદુહિત રક્ષક ગણાવે છે, તેમણે જ માંસની નિકાસ કરતી કંપનીઓ અને કતલખાનાઓના માલિકો પાસેથી કરોડો રૂપિયાનું દાન સ્વીકાર્યું છે.

ગૌમાતાના નામે મત માગનારી સરકારે કતલખાનાઓ પાસેથી ભંડોળ મેળવીને દેશને મીટ એક્સપોર્ટ (માસ નિકાસ)માં આગળ ધકેલી દીધો છે. આ કડવી વાસ્તવિકતા એ વાતની સાબિતી છે કે 'મુખમાં રામ અને બગલમાં છૂરી' જેવી નીતિ અપનાવીને ગુજરાત અને દેશની જનતાને સતત ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે.

### પાક્કો ગુજરાતનો જનતાજોગ લલકાર:
### ક્યાં સુધી છેતરાશે ગુજરાતની જનતા?

ગૌમાતાના નામે મત માંગનારી સરકાર કતલખાનાઓ પાસેથી કરોડો રૂપિયાનો ચંદો કયા મોઢે સ્વીકારે છે?
હજારો કતલખાનાઓને મંજૂરી આપીને દેશમાં પિંક રિવોલ્યુશન લાવવા પાછળનો અસલી ચહેરો કોનો છે?
શું ગૌરક્ષા માત્ર ભાષણો અને ચૂંટણી પ્રચાર પૂરતી જ સીમિત રહી ગઈ છે?
ગુજરાતની જાગૃત જનતાએ હવે આ રાજકીય પંચાત અને અંધભક્તિમાંથી બહાર આવીને સવાલો પૂછવાની જરૂર છે. ગૌમાતા અને આસ્થાના નામે વ્યાપાર કરતી આવી બોડી બોલીઓ અને કૂટનીતિઓને ઓળખીને પ્રજાએ હવે કડક જવાબ આપવાનો સમય આવી ગયો છે!

## સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના 350 વિદ્યાર્થીઓ દ્વારા યોજાઇ ભવ્ય મહારેલી

# ભચાઉના રાજમાર્ગો પર ઉમટ્યું દેશભક્તિનું ભવ્ય ત્રિરંગા પૂર

ભચાઉ

ભારતની આઝાદી અને રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીક સમાન પાવન ત્રિરંગા પ્રત્યે આદર અને દેશભક્તિની ચેતના જગાડવાના ભગીરથ આશય સાથે આજે ભચાઉ ખાતે એક અભૂતપૂર્વ રાષ્ટ્રીય મહોત્સવ જેવો માહોલ સર્જાયો હતો. અહીં શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ભચાઉના આદરણીય આચાર્યશ્રી પ્રકાશકુમાર ચંપકલાલ પંડિત સાહેબના કુશળ અને પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ એક ભવ્ય તેમજ શિસ્તબદ્ધ 'મહા ત્રિરંગા રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય ગૌરવયાત્રામાં શાળાના ધોરણ 9 અને 10ના અંદાજિત 350થી વધુ વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહ, ઉમંગ અને અપ્રતિમ રાષ્ટ્રભાવના સાથે ભાગ લીધો હતો. ભારત



માતાના જયઘોષ અને ગગનભેદી દેશભક્તિના નારાઓ સાથે જ્યારે આ નવલોહિયા યુવાનો હાથમાં ત્રિરંગો લઈને નીકળ્યા, ત્યારે વાતાવરણમાં એક અનોખો અને અદ્ભુત જુસ્સો જોવા મળ્યો હતો. શાળા પરિસરથી પ્રારંભ થયેલી આ મહારેલી નગરના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈને ભચાઉના નવા બસ સ્ટેન્ડ પહોંચી હતી, અને ત્યાંથી આગળ વધીને પ્રતીકાત્મક શૌર્યના કેન્દ્ર સમાન શિવાજી ગેટ ખાતે પૂર્ણ થઈ હતી. આ ભવ્ય આયોજનમાં સામાજિક સહયોગનું પણ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળ્યું હતું. ભચાઉ નગરપાલિકા તરફથી દેશસેવાના આ પાવન કાર્યમાં જોડાયેલા ભવિષ્યના નાગરિકો માટે પીવાના ઠંડા પાણીની બોટલો, બિસ્કિટ, ઠંડા શરબત તેમજ પ્રત્યેક વિદ્યાર્થી માટે સુંદર ત્રિરંગા ધ્વજનું વિતરણ કરવાની સરાહનીય વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રેલીને સંપૂર્ણ શિસ્તબદ્ધ અને સફળ બનાવવામાં શાળાના તમામ ગુરુજનો તેમજ સમગ્ર શિક્ષક સ્ટાફે ખભેખભા મિલાવીને પ્રશંસનીય સહકાર આપ્યો હતો. આ ભવ્ય રાષ્ટ્રીય મહોત્સવ અને મહારેલી અંગેની સત્તાવાર વિગતો શાળાના સિનિયર શિક્ષક તેમજ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગ, કચ્છ જિલ્લાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી રૂપેશભાઈ સોલંકી દ્વારા અખબારી યાદીમાં જાહેર કરવામાં આવી છે.

# બોડેલીમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઇ

બોડેલી, રફાકત ખત્રી

15મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પૂર્વે બોડેલીમાં વહીવટી તંત્ર દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સફાયર સ્કૂલથી શરૂ થયેલી આ તિરંગા યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ બોડેલી સેવાસદન ખાતે પૂર્ણ થઈ હતી. તિરંગા યાત્રામાં વહીવટી તંત્રના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, નગરપાલિકાના હોદ્દેદારો, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. SDM ભૂમિકા રાઓલ, મામલતદાર એચ.એ. શેખ, ASP હર્ષ શર્મા, તાલુકા પંચાયત પ્રમુખ હેમલતાબેન કોલી, નગરપાલિકા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા સહિત કોર્પોરેટરો અને આગેવાનો યાત્રામાં ઉપસ્થિત રહ્યા હતા. હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને જોડાયેલા વિદ્યાર્થીઓ અને




આગેવાનોમાં દેશપ્રેમનો ઉત્સાહ જોવા મળ્યો હતો. 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના ગગનભેદી નારાઓથી બોડેલીના મુખ્ય માર્ગો ગુંજી ઉઠ્યા હતા. તિરંગા યાત્રાને પગલે સમગ્ર બોડેલી નગર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને દેશપ્રેમનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## કડોદરા ગામે ફરી ગ્રામસભા બની વિવાદીત

# સરપંચની ગેરહાજરી, વિકાસના કામોમાં પક્ષપાત, ગંદકી અને ગ્રામજનોની અરજીઓના નિકાલ મુદ્દે ઉઠ્યા ગંભીર સવાલો..

વાગરા

વાગરા તાલુકાના કડોદરા ગામે ગ્રામ પંચાયત દ્વારા યોજાયેલી ગ્રામસભા ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી હતી. ગ્રામસભા દરમિયાન સરપંચની ગેરહાજરી, અધ્યક્ષપદ, ગામના વિકાસના કામોમાં કથિત પક્ષપાત, ગંદકીની સમસ્યા, ગૌચર જમીનના ઉપયોગ સહિત વિવિધ પ્રશ્નોને લઈને ગ્રામજનો દ્વારા ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી.મળતી માહિતી મુજબ, છેલ્લા બે ગ્રામસભામાં સરપંચ હાજર ન રહેતા સરપંચની પેનલના પંચાયત સભ્યને અધ્યક્ષ સ્થાને બેસાડવામાં આવતા હોવાની ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ સભ્યો દ્વારા પક્ષપાતપૂર્ણ રીતે કાર્યવાહી થતી હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન સરપંચની વિરોધી પેનલના સભ્યને અધ્યક્ષ સ્થાને બેસાડવાની માંગ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેમની અધ્યક્ષતામાં ગ્રામસભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.




વિકાસના કામોમાં કથિત પક્ષપાતનો આક્ષેપ

ગ્રામસભામાં ગામના વિકાસના કામોને લઈને પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રામ પંચાયત દ્વારા કરોડો રૂપિયાના વિકાસકામો કરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ ગામના કેટલાક વિસ્તારો હજુ પણ મૂળભૂત સુવિધાઓથી વંચિત છે. ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વિકાસના કામો જરૂરિયાતના આધારે કરવાને બદલે રાજકીય અથવા વ્યક્તિગત સમીકરણોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા હોવાની સ્થિતિ જોવા મળે છે. જ્યાં ખરેખર વિકાસની જરૂરિયાત છે ત્યાં સ્થળ નિરીક્ષણ કરી તાત્કાલિક વિકાસકામો હાથ ધરવાની માંગ કરવામાં આવી હતી. ગ્રામસભામાં ગ્રામજનો દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સરપંચ કડોદરા ગામમાં કાયમી વસવાટ કરતા નથી અને ભરૂચ ખાતે રહેતા હોવાના કારણે ગ્રામજનોને તાત્કાલિક સમસ્યાઓ વખતે સંપર્ક કરવામાં મુશ્કેલી પડે છે.

## વડોદરામાં મહાકાળી સેવઉસળની ગંભીર બેદરકારી

# લીલી ડુંગળીમાંથી નીકળ્યો વંદો, વિરોધ કરનાર ગ્રાહકને સંચાલકે આપ્યો ઉડાઉ જવાબ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ખાણીપીણીના શોખીનો માટે અત્યંત આઘાતજનક અને આરોગ્ય સાથે ચેડાં કરતી એક શરમજનક ઘટના સામે આવી છે. શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત 'મહાકાળી સેવઉસળ'ના આઉટલેટમાંથી ગ્રાહકને પીરસવામાં આવેલી લીલી ડુંગળીમાંથી જીવતો વંદો નીકળતા ભારે વિવાદ સર્જાયો છે. પોતાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ થતો જોઈને ગ્રાહકે આ અંગે દુકાન સંચાલકને રજૂઆત કરી હતી, પરંતુ ગ્રાહકને યોગ્ય જવાબ આપવાના બદલે સંચાલકે અત્યંત ઉડાઉ અને બેજવાબદાર વર્તન કર્યું હતું.

મળતી વિગતો મુજબ, એક ગ્રાહક સુભાનપુરા સ્થિત મહાકાળી સેવઉસળની દુકાને નાસ્તો કરવા પહોંચ્યો હતો. ગ્રાહક જ્યારે ઉત્સાહભેર સેવઉસળ આરોગી રહ્યો હતો, ત્યારે જ ડિશ સાથે આપેલી લીલી ડુંગળીના બાઉલમાં અચાનક એક વંદો નજરે પડ્યો હતો. ખોરાકમાં વંદો જોઈને ગ્રાહકના હોશ ઊડી ગયા હતા. ગ્રાહકે ત્વરિત આ મામલે દુકાનના સંચાલક અને સ્ટાફનું ધ્યાન દોર્યું હતું. જોકે, ભૂલ સ્વીકારીને માફી માંગવાને બદલે દુકાનદારે




દાદાગીરી ભર્યા અંદાજમાં ઉડાઉ જવાબો આપીને ગ્રાહકને રવાના કરવાનો પ્રયાસ કર્યો હતો.

સંચાલકના આ ગેરવર્તણૂકથી રોષે ભરાયેલા ગ્રાહકોએ ઘટનાસ્થળે જ લીલી ડુંગળીમાં પડેલા વંદાનો અસલી વીડિયો પોતાના મોબાઈલમાં શૂટ કરી લીધો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરાતા જ વાયરલ થઈ ગયો છે અને નેટીઝન્સમાં પણ વડોદરાના આવા નામાંકિત ફૂડ આઉટલેટ્સ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિખ્યાત બ્રાન્ડના નામે લોકોના આરોગ્ય સાથે થતા આવા ખીલવાડ સામે નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

# ગાંધીનગર સેક્ટર-24માં કડવી વાસ્તવિકતા: ધાર્મિક આસ્થા પર ઘા બાદ હવે આરોગ્ય સામે મોટો ભય

## જો ગાંધીનગરનું વહીવટી તંત્ર વહેલી તકે કુંભકર્ણની નિંદ્રામાંથી નહીં જાગે, તો પાક્કો ગુજરાત ન્યૂઝ સેક્ટર-24ની જનતાનો અવાજ બનીને તંત્રના કાન ઉઘાડવા માટે જનઆંદોલન સુધીની લડાઈ લડશે

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરના સેક્ટર-24 વિસ્તારમાં પ્રશાસનના વલણ સામે સ્થાનિક રહીશોમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. થોડા સમય પહેલાં જ સેક્ટર-24 સ્થિત પૌરાણિક મેલડી માતાનું મંદિર તોડી પાડવાની થયેલી કાર્યવાહીથી સ્થાનિકોની ધાર્મિક આસ્થાને મોટો આઘાત પહોંચ્યો હતો. લોકોનું સ્પષ્ટ કહેવું છે કે આસ્થાના કેન્દ્રસમાન મંદિર તોડી પાડવાનો નિર્ણય અત્યંત દુઃખદ અને ખોટો હતો. પરંતુ, આ ઘટના બાદ હવે તે જ જગ્યાએથી ઉત્પન્ન થતી અસહ્ય ગંદકી અને રોગચાળાએ સેક્ટર-24ના હજારો રહીશોનું જીવવું હરામ કરી નાખ્યું છે. મંદિર તૂટ્યા બાદ આ જગ્યામાં અસહ્ય ગંદકીના ખડકલા ખડકાઈ ગયા છે. એટલું જ નહીં, નજીકમાં આવેલી ખાતરની ફેક્ટરીમાંથી આવતી ભયાનક દુર્ગંધના કારણે સમગ્ર સેક્ટર-24 ઝેરી હવાનું ધામ બની ગયું છે. આ દુર્ગંધ યુક્ત વાતાવરણના કારણે નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો મોટા પ્રમાણમાં બીમાર પડી રહ્યા છે. સ્થાનિક રહીશો શ્વાસ સંબંધિત તકલીફો, ઉબકા, માથાનો દુખાવો અને ચામડીના રોગોનો ભોગ બની રહ્યા છે. પ્રજા ઘરમાં પણ પોતાના દરવાજા-બારીઓ બંધ કરીને ગૂંગળામણભર્યા માહોલમાં જીવવા મજબૂર બની છે. સેક્ટર-24ના રહીશો પાટનગરના વહીવટી તંત્ર સામે સળગતા સવાલો ઉઠાવી રહ્યા છે. જો તંત્ર ધાર્મિક સ્થળો હટાવવા કે તોડી પાડવા માટે આટલી તાબડતોબ અને કડક કાર્યવાહી કરી શકતું હોય, તો પછી જનઆરોગ્ય માટે જોખમી બનેલી આ ગંદકી અને દૂષિત વાતાવરણ ફેલાવતી ખાતરની ફેક્ટરી સામે કોઈ કડક પગલાં કેમ લેવાતા નથી? શું ગાંધીનગર મહાનગરપાલિકા કે આરોગ્ય વિભાગ માટે પ્રજાનું આરોગ્ય કોઈ મહત્ત્વ જ નથી ધરાવતું? કે પછી તંત્ર કોઈ મોટા રોગચાળાની અને જાનહાનિની રાહ જોઈ રહ્યું છે? પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ કરી રહેલા આ ઝેરી માહોલ સામે પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્ર પાસેથી તાત્કાલિક ઉકેલની માગ કરે છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 13 ઓગસ્ટ 2026 | અમદાવાદ

ભૂ-માફિયા, બેફામ અફસરો અને 'નકલી ખેડૂત' કૌભાંડ!

# વડોદરાના ખટંબામાં ₹300 કરોડની સરકારી જમીન પચાવી પાડવાનું ભયાનક નેટવર્ક : અમિત ચાવડાના સરકાર પર ધગધગતા પ્રહારો!

ગાંધીનગર

ગુજરાતમાં ગરીબ અને સામાન્ય માણસ પોતાની એક વિઘા જમીન કે હક્ક માટે વર્ષો સુધી સરકારી કચેરીઓના ધક્કા ખાઈને થાકી જાય છે, પણ બીજી તરફ ભાજપ શાસનમાં 'નકલી ખેડૂતો' અને બોગસ વારસદારો ઊભા કરીને કરોડો-અબજો રૂપિયાની સરકારી અને 'શ્રી સરકાર' જમીનો ખાનગી માફિયાઓને પધરાવી દેવાનું એક સંગઠિત કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ કર્યો છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કાગળો અને કાયદાકીય પુરાવાઓ સાથે વડોદરાના ખટંબા ગામની આશરે 6 લાખ ચોરસ ફૂટની 300 કરોડની જમીનના મહાકૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.



વડોદરાના ખટંબા ગામના સર્વે નં. 155, 157, 168/1 અને 207 પૈકી 2 ધરાવતી 300 કરોડની જમીન પચાવી પાડવા માટે આચરવામાં આવેલી ગેરરીતિ અક્કલ બહેર મારી દે તેવી છે: બોગસ મરણ દાખલો: આઝાદ નટવરલાલ પરીખના નામે કેલનપુર ગામમાં ખોટું મરણ પ્રમાણપત્ર ઊભું કરાયું, પણ સત્તાવાર રજિસ્ટરમાં આવી કોઈ નોંધ જ નથી! વર્ષ 2016માં આ અંગે FIR પણ નોંધાઈ ચૂકી છે. મરણનો દાખલો વિવાદમાં આવ્યા બાદ ચીફ ઓફિસરની ડિજિટલ સહી, સીલ અને QR કોડ ધરાવતો જન્મનો દાખલો રજૂ કરી દેવાયો. ગંભીર વાત એ છે કે આ પ્રમાણપત્રનો QR કોડ અત્યારે કામ કરતો નથી! એફિડેવિટના ફોટા અને સહી તથા તલાટી સમક્ષ થયેલી ખરાઈના ફોટા-સહીમાં મોટો તફાવત છે. કૃષિ મામલતદાર સમક્ષ તલાટીની ખરાઈ વિના જ માત્ર એફિડેવિટના આધારે હક્ક નક્કી કરી દેવાયા. વિદેશ (માલ્ટા) રહેતા વ્યક્તિને બોગસ કાગળોના આધારે કાગળ પર નકલી ખેડૂત દર્શાવીને આંકડાઓનો ખેલ રચવામાં આવ્યો.

આ માત્ર જમીનનો મામલો નથી, પરંતુ ગુજરાતની જનતાની સરકારી મિલકતોની સુરક્ષા સામે સવાલ છે.

## પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના સરકારને ધગધગતા સવાલો

- છેલ્લા 10 વર્ષમાં ગુજરાતમાં કેટલી 'શ્રી સરકાર' જમીન ખાનગી વ્યક્તિઓના નામે ચડી?
- બિન-ખેડૂત હોય તેવા કેટલા લોકોને બોગસ કાગળોના આધારે જમીનો પધરાવવામાં આવી?
- વારસાઈ કે પેઢીનામાના આધારે કેટલા કેસોમાં જમીનના હક્કો બદલાયા?
- શંકાસ્પદ દસ્તાવેજોની મૂળ રજિસ્ટર અને Digital Audit Trail તપાસાઈ છે કે નહીં?
- ખોટા દસ્તાવેજો રજૂ કરનારા કેટલા ભૂ-માફિયાઓ સામે એફઆઈઆર (FIR) થઈ?
- આ કૌભાંડોમાં સંડોવાયેલા કેટલા સરકારી અફસરો સામે દંડાત્મક કાર્યવાહી થઈ?
- વડોદરાના ખટંબા કેસમાં કરોડોની જમીન બદલતી વખતે અધિકારીઓએ કયા મૂળ દસ્તાવેજ ચકાસ્યા?
- આઝાદ પરીખના મરણ-જન્મ પ્રમાણપત્રોની Digital Audit Trail સરકાર જાહેર કરશે?
- રમણ વોરા પ્રકરણ સહિતના તમામ જમીન કૌભાંડોની તપાસ માટે સરકાર SIT કેમ બનાવતી નથી?

# આમોદ નગરપાલિકા સામે રખડતા પશુઓનો અડીંગો, ખુલ્લી ગટરથી અકસ્માતનો ભય!

લોકોએ દૂધ રસ્તા ઉપર ઢોળી ડેરીનાં ડિરેક્ટરનો વિરોધ નોંધાવ્યો

ભરૂચ, રંગુની જાકીર

નગરપાલિકા કચેરીની સામે જ બેફામ રખડતા પશુઓ અને ખુલ્લી ગટરથી લોકો પરેશાન; ઘરઆંગણે જ જોખમ, અકસ્માત થાય તો જવાબદાર કોણ? આમોદ નગરપાલિકા કચેરીની આસપાસ રખડતા પશુઓનો અડીંગો અને ખુલ્લી ગટરની સમસ્યાને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા જેવી મહત્વની સરકારી કચેરીની સામે જ જાહેર માર્ગ અને રહેણાંક વિસ્તારની નજીક આવી સ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. રસ્તા પર અડિંગો જમાવતા રખડતા પશુઓના કારણે વાહનચાલકો અને રાહદારીઓને સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. બીજી તરફ, ઘરઆંગણે જ ખુલ્લી ગટર હોવાથી નાના બાળકો, વૃદ્ધો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે. ખાસ કરીને રાત્રિના સમયે ખુલ્લી ગટર દેખાતી ન હોવાને કારણે કોઈ વ્યક્તિ તેમાં પડી જાય અથવા રખડતા પશુના કારણે અકસ્માત સર્જાય તો તેની



જવાબદારી કોની રહેશે? તેવો સવાલ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. નગરપાલિકા કચેરીની સામે જ જો આવી જોખમી સ્થિતિ હોય તો શહેરના અન્ય વિસ્તારોમાં સ્વચ્છતા, ગટર અને રખડતા પશુઓની વ્યવસ્થાની સ્થિતિ કેવી હશે?

'અમે તમારા બોસ, તમે અમારા સ્લેવ!'

# સુરત સિવિલમાં રેગિંગ ગેંગની લીડર ટોક્સિક ડૉ. દીક્ષિતા ઘેવરીયાનો આતંક

સુરત

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં તબીબી ક્ષેત્રને કલંકિત કરતી અને માનવતાને શરમાવે તેવી અત્યંત સનસનાટીભરી વિગતો સામે આવી છે. દર્દીઓની સેવા અને તબીબી શિક્ષણ આપતા આ ધામમાં 'રેગિંગ ગેંગ'નો ભયાનક ત્રાસ ચાલતો હોવાનો ખુલાસો થયો છે. આ કાળી ગેંગની મુખ્ય સુકાની અને ટોક્સિક મગજ ધરાવતી ડૉ. દીક્ષિતા ઘેવરીયા જુનિયર તબીબો અને સ્ટુડન્ટ્સ પર અમાનુષી અત્યાચાર ગુજારી રહી હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. સૌથી ચોંકાવનારી વાસ્તવિકતા એ છે કે આ ભયાનક ટોર્ચર અને માનસિક ત્રાસના કારણે છેલ્લાં 7 વર્ષમાં 4 જેટલા લોકો આપઘાત કરીને પોતાનું જીવન ટૂંકાવી ચૂક્યા છે.



સુરત સિવિલ હોસ્પિટલમાં ચાલતા આ કાળી સામ્રાજ્યમાં ડૉ. દીક્ષિતા ઘેવરીયા જુનિયર્સ સાથે અત્યંત શરમજનક વર્તન કરતી હતી. 'અમે તમારા બોસ છીએ અને તમે અમારા સ્લેવ (ગુલામ) છો' જેવી માનસિકતા સાથે જુનિયર ડૉક્ટરોનું શોષણ કરવામાં આવતું હતું. 'મેડમ બોલાવે એટલે અડધી રાત્રે પણ દોડીને તરત જ આવવાનું' જેવા અણછાજતા હુકમો છોડીને જુનિયરોને સતત માનસિક રીતે તોડી પાડવામાં આવતા હતા. કામના કલાકો સિવાય પણ તેમનું શારીરિક અને માનસિક શોષણ કરવું એ આ ગેંગની દિનચર્યા બની ગઈ હતી. આ કોઈ સામાન્ય રેગિંગનો કિસ્સો નથી, પરંતુ સિસ્ટમ દ્વારા કરાતી માનસિક હત્યાઓનો મામલો છે. ડૉ. દીક્ષિતા ઘેવરીયા અને તેની રેગિંગ ગેંગના અમાનુષી ત્રાસથી કંટાળીને છેલ્લા સાત વર્ષના સમયગાળામાં 4 જેટલા આશાસ્પદ અને તેજસ્વી તબીબી વિદ્યાર્થીઓએ આપઘાત જેવું અંતિમ પગલું ભરી લીધું છે. તેમ છતાં હોસ્પિટલ પ્રશાસન, એન્ટી-રેગિંગ કમિટી અને સંબંધિત વિભાગના સત્તાધીશો આંખ, કાન અને મોઢું બંધ કરીને બેસી રહ્યા. શું આ કાળી ગેંગને રાજકીય કે પ્રશાસનિક પીઠબળ મળેલું હતું?

# ડભોઇ ચોકસી બજારમાં પાલિકાની ઘોર બેદરકારી: બે વર્ષથી ચબૂતરાનું કામ અધૂરું

ડભોઇ

ડભોઇ નગરપાલિકા વિસ્તારમાં આવેલા ચોકસી બજાર પરબડી પાસે અબોલ જીવો માટેનો ચબૂતરો છેલ્લા બે વર્ષથી અધૂરી હાલતમાં લટકી રહ્યો છે. પાલિકા તંત્રની ઘોર લાપરવાહીના કારણે નિર્દોષ પક્ષીઓને ચણ માટે ભટકવાનો વારો આવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અહીં વર્ષો જૂનો ચબૂતરો આવેલો હતો, જેને આશરે બે વર્ષ પહેલાં પાલિકા દ્વારા તોડી પાડીને નવો અને આધુનિક ચબૂતરો બનાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. પરંતુ અગમ્ય કારણોસર આ કામગીરી શરૂ થયા બાદ અધવચ્ચે જ અટકી પડી છે. બે-બે વર્ષનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં નવું ચબૂતરું હજુ સુધી પૂર્ણ થઈ શક્યું નથી, જેને લઈને સ્થાનિક



રહીશો અને પક્ષીપ્રેમીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે યોગ્ય ચબૂતરો ન હોવાના કારણે ભારે સમસ્યા સર્જાઈ રહી છે. જો ચબૂતરો હોય તો વરસાદમાં પણ પક્ષીઓ માટેનું ચણ પલળ્યા વગર સુરક્ષિત રહે છે. પરંતુ હાલમાં લોકોને ખુલ્લામાં દાણા નાખવા પડી રહ્યા છે, જે વરસાદી પાણીમાં પલળીને તુરંત બગડી જાય છે. એક તરફ પક્ષીપ્રેમીઓ મોંઘા ભાવનું ધાન્ય લાવે છે અને બીજી તરફ તંત્રની આળસના કારણે આ ધાન્યનો વેડફાટ થાય છે.

ડભોઇ સરકારી હોસ્પિટલમાં ઘોર બેદરકારી

# દર્દીઓ વિના ચાલુ રહેતા પંખા-લાઇટોથી સરકારી તિજોરીને લાખોનું આંધણ

ડભોઇ

ડભોઇ શહેરની સૌથી મોટી સરકારી હોસ્પિટલ હાલમાં પ્રશાસનની ઘોર બેદરકારી અને લાપરવાહીનું ઉત્તમ ઉદાહરણ બની ગઈ છે. એક તરફ સરકાર પ્રજાને 'વીજળી બચાવો'ની જાહેરાતો અને અપીલ કરીને પાઠ ભણાવે છે, તો બીજી તરફ ડભોઇની આ સરકારી હોસ્પિટલમાં જ વીજળીનો બેફામ બગાડ થતો જોવા મળી રહ્યો છે. હોસ્પિટલ પરિસરમાં આવેલા કંડમ અને વપરાશ વગરના રૂમો, દર્દીઓની પ્રતીક્ષા માટેની ખાલી જગ્યાઓ તેમજ હોસ્પિટલના ખૂણે-ખૂણામાં એક પણ દર્દીની ગેરહાજરી હોવા છતાં દિવસ-રાત લાઈટો અને પંખા ધમધમી રહ્યા છે.

હોસ્પિટલમાં જે રૂમો બંધ અથવા કંડમ હાલતમાં પડ્યા છે, ત્યાં પણ વીજળીના ઉપકરણો ચાલુ મૂકી



દેવામાં આવ્યા છે. દર્દીઓની હાજરી ન હોય કે બેસવાની જગ્યાઓ સંપૂર્ણ ખાલી પડી હોય, છતાં ત્યાં પંખા અને લાઈટો સતત ચાલી રહ્યા છે. હોસ્પિટલ સત્તાધીશોની આ લોલમલોલ અને દેખરેખના અભાવને કારણે દર મહિને સરકારી તિજોરી પર મસમોટું વીજ બિલ આવી રહ્યું છે અને પ્રજાના ટેક્સના પૈસાનો ઉઘાડેછોગ બગાડ થઈ રહ્યો છે.

આ ગંભીર લાપરવાહી સામે આવતા જ સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલો ઉઠાવી રહ્યા છે કે જો સરકાર સરકારી કચેરીઓમાં લાઈટો-પંખા બંધ રાખવાની અપીલ કરતી હોય, તો ડભોઇ હોસ્પિટલના અધિકારીઓ કઈ નિંદ્રામાં સોતા છે? શું આ સરકારી દવાખાનામાં કોઈ દેખરેખ રાખનાર જવાબદાર અધિકારી છે જ નહીં? અને જો અધિકારીઓ છે, તો તેઓ આ બધું જોઈને પણ આંખ આડા કાન કેમ કરી રહ્યા છે?


સરકારી તિજોરીને થતાં આ આર્થિક નુકસાન અને વીજળીના આડેધડ બગાડ સામે હોસ્પિટલના જવાબદાર સત્તાધીશો સામે તાત્કાલિક કડક પગલાં લેવાય તે અત્યંત જરૂરી છે. હવે જોવાનું એ રહે છે કે આ ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા બાદ ઉચ્ચ વહીવટી તંત્ર ક્યારે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગશે?

CHC સેન્ટર ખાતે તબીબે મૃત જાહેર કર્યા

# અંકલેશ્વરની પાનોલી GIDCની કેમિકલ કંપનીમાં કર્મચારીનું શંકાસ્પદ મોત : કંપનીમાં ફરજ દરમિયાન તબિયત લથડી હતી

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી જે.બી. કેમિકલ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ કંપનીમાં 45 વર્ષીય કર્મચારીનું શંકાસ્પદ મોત થતાં ચકચાર મચી છે. મૂળ બોડેલીના અને હાલ સંજાલી ખાતે રહેતા પ્રવીણભાઈ તડવી કંપનીમાં ફરજ પર ગયા હતા. દરમિયાન કંપનીમાં જ તેમની અચાનક




તબિયત લથડી હતી.

પ્રવીણભાઈની તબિયત લથડતાં કંપનીની એમ્બ્યુલન્સ મારફતે તેમને ઘરે મોકલવામાં આવ્યા હતા. જોકે, ઘરે પહોંચ્યા બાદ તેમની તબિયત વધુ બગડતા પરિવારજનોએ કંપનીને જાણ કરી હતી. ત્યારબાદ તેમને ફરી કંપનીની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે CHC સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા.

CHC સેન્ટર ખાતે ફરજ પરના તબીબે પ્રવીણભાઈ તડવીની તપાસ કર્યા બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. અચાનક થયેલા મોતના સમાચાર મળતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રવીણભાઈ તડવીના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. સમગ્ર મામલે પાનોલી પોલીસે અકસ્માત મોત અંગેનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા મોતનું કારણ જાણવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

નબળો સામાન અને કોન્ટ્રાક્ટરોની મનમાની, VMC પાસે હિસાબ માગતું 'પાક્કો ગુજરાત'!

# સ્મશાનમાં પણ ભ્રષ્ટાચારની બોલબાલા!: અંતિમક્રિયાના રૂપિયા 8,000 ચૂકવવા છતાં મૃતકોના પરિવારજનોને ધક્કા

વડોદરા


સ્મશાન એ કોઈ વ્યાપારિક સ્થળ કે કમાણી કરવાનું સાધન નથી, પરંતુ સ્વજનને ગુમાવી ચૂકેલા પીડિત પરિવાર માટે અત્યંત સંવેદનશીલ અને પવિત્ર સ્થાન છે. પરંતુ વડોદરા મહાનગરપાલિકા (VMC) અને તેના ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોએ હવે સ્મશાનની પવિત્ર વ્યવસ્થાને પણ કમાણીનો અડ્ડો બનાવી દીધો છે. વડોદરા કોર્પોરેશન દ્વારા અંતિમક્રિયા માટે પ્રતિ વ્યક્તિ 8,000 જેટલી મસમોટી રકમનું ચુકવણું કોન્ટ્રાક્ટરોને કરવામાં આવે છે, છતાં મૃતકના પરિવારજનોને ભારે હાલાકી, હલકી કક્ષાનો સામાન અને અપમાનજનક પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. સ્મશાનગૃહમાં ચાલતી લોલમલોલનો પર્દાફાશ કરતા ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. પ્રતિ વ્યક્તિ 8,000 ચૂકવાતા હોવા છતાં અંતિમક્રિયામાં વપરાતું નારિયેળ સૂકું કે બગડેલું આપવામાં આવે છે, શરીર બાંધવા માટે મજબૂત કાળી નાળાછડી પણ ઉપલબ્ધ હોતી નથી, ઠાઠડીમાં ગાદી માટે પૂળા આપવામાં આવતા નથી, અગ્નિસંસ્કાર માટે જરૂરી છાણાં પૂરતા પ્રમાણમાં અપાતા નથી અને પૂજાપાની સામગ્રીમાં ખુલ્લેઆમ કાપ મૂકવામાં આવે છે. હદ તો એ વાતની છે કે કોન્ટ્રેક્ટ મુજબ જે સામાન મળવો જોઈએ, તે મેળવવા માટે પણ સ્વજન ગુમાવી ચૂકેલા પરિવારજનોને સ્મશાનમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ધક્કા ખાવા પડે છે. અગાઉ વડોદરા શહેરની વિવિધ સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આ અંતિમક્રિયાની સેવાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક અને અત્યંત સન્માનજનક રીતે પૂરી પાડવામાં આવતી હતી.

પોલીસે જાહેરમાં માફી મંગાવી

# અંકલેશ્વરમાં વાયરલ રીલ કાંડ: માસૂમ બાળકોના જીવ સાથે ખિલવાડ કરનાર યુવક સામે કડક કાર્યવાહી

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર શહેરમાં સોશિયલ મીડિયા પર લાઈક્સ, ફોલોઅર્સ અને ફેમસ થવાની ઘેલછામાં ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના ઈમરાન મનીહર નામના યુવકે ચાલુ બાઈક પર બે નાના માસૂમ બાળકોને બેસાડીને જોખમી રીતે સ્ટંટ કર્યા હતા અને તેની રીલ બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને લોકોએ આવા બેદરકાર વાહનચાલક સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માગ કરી હતી. વીડિયોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અંકલેશ્વર પોલીસ હરકતમાં



આવી હતી. વાયરલ વીડિયોના આધારે પોલીસે વાહન નંબર અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી યુવકની ઓળખ કરી હતી. અંકલેશ્વર પોલીસે તાત્કાલિક ઈમરાન મનીહરની અટકાયત કરીને તેની સામે ટ્રાફિક નિયમભંગ અને બાળકોના જીવને જોખમમાં મૂકવા બદલ શિક્ષાત્મક કાયદાકીય કલમો હેઠળ કાર્યવાહી કરી હતી.

પોલીસે માત્ર કાયદાકીય કાર્યવાહી કરીને અટકી ન જતાં, આવી પ્રવૃત્તિ કરનારાઓ માટે દાખલો બેસાડવા તે યુવક પાસે જાહેરમાં પોતાની ભૂલનો સ્વીકાર કરાવીને માફી મંગાવી હતી. યુવકે સ્વીકાર્યું હતું કે સોશિયલ મીડિયાના ચસ્કામાં તેનાથી આ ગંભીર ભૂલ થઈ ગઈ હતી. સોશિયલ મીડિયા વાપરવું એ ગુનો નથી, પરંતુ તેના માટે પોતાની કે અન્યોની સુરક્ષા જોખમમાં મૂકવી ગંભીર ગુનો છે.


વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું અને ક્ષમતા કરતા વધુ મુસાફરો કે બાળકોને જોખમી રીતે ન બેસાડવા. ભવિષ્યમાં પણ જો કોઈ વ્યક્તિ રીલ કે વીડિયો બનાવવાની ઘેલછામાં સ્ટંટ કરશે કે ટ્રાફિકના નિયમો તોડશે, તો તેની સામે આનાથી પણ વધુ સખત કાનૂની પગલાં લેવામાં આવશે.


ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગત સામે ઊભરો આવતો લોકરોષ!

# નંદેસરીમાં મીની નદી પર બનતો પુલ ઉદ્ઘાટન પહેલાં જ 'ધરાશાયી' થવાના આરે! RCC વોલ તૂટી

વડોદરા

વડોદરાના ઔદ્યોગિક વિસ્તાર નંદેસરી નજીક આવેલી મીની નદી પર બની રહેલા નવા બ્રિજના બાંધકામમાં લોલમલોલ અને નબળી ગુણવત્તાનો પર્દાફાશ થયો છે. હજુ તો બ્રિજનું બાંધકામ પૂર્ણ થઈને જનતા માટે ખુલ્લો મૂકાય તે પહેલાં જ તંત્ર અને કોન્ટ્રાક્ટરે કરેલા ભ્રષ્ટાચારના પોપડા ઉખડવા લાગ્યા છે. થોડા દિવસ અગાઉ જ ચોમાસાના સામાન્ય પાણીમાં બ્રિજની બંને તરફ માટીનું ભારે ધોવાણ થયું હતું. આ ઘટનાનો આઘાત હજુ તાજો જ હતો ત્યાં નદીના પાણીના વહેણ વચ્ચે બ્રિજની રક્ષા માટે બંને બાજુ બનાવવામાં આવેલી





'પ્રોટેક્શન RCC વોલ' પૈકી એક તરફની ભીંત પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈને નદીમાં ખાબકી છે, જ્યારે બીજી તરફની RCC વોલમાં મોટો ભયાનક ગાબડું અને તિરાડ પડી ગઈ છે. બ્રિજનું કામ પૂરું થાય તે પહેલાં જ પ્રોટેક્શન વોલ ધડાકાભેર તૂટી પડતા અને બીજી વોલ પણ ગમે ત્યારે નદીમાં હોમાઈ જાય તેવી કટોકટીભરી સ્થિતિ સર્જાતા સ્થાનિક રહીશો, વેપારીઓ અને વાહનચાલકોમાં ભારે દહેશત અને આક્રોશનો માહોલ વ્યાપી ગયો છે. આ ગંભીર ઘટનાએ કોન્ટ્રાક્ટરની કામગીરી, સિમેન્ટ-સળિયાના વપરાયેલા મટિરિયલની નબળી ગુણવત્તા અને તેની તાંત્રિક ક્ષમતા સામે મોટો સવાલ ઊભો કર્યો છે. જો નિર્માણ કાર્ય દરમિયાન જ આ પ્રોટેક્શન વોલ નદીના સામાન્ય વહેણને પણ જીરવી ન શકતી હોય, તો ભવિષ્યમાં બ્રિજ પરથી ભારે વાહનો પસાર થશે ત્યારે પ્રજાની સરેઆમ સલામતીનું શું? શું વહીવટી તંત્ર કોઈ મોટી મોરબી જેવી હોનારત અને નિર્દોષોના બલિદાનની રાહ જોઈ રહ્યું છે? સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, બ્રિજના બાંધકામ શરૂ થયું ત્યારથી જ મટિરિયલની ગુણવત્તા બાબતે અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ તંત્રના જવાબદાર ઈજનેરો અને અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હતા. સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનો વપરાશ બતાવીને માત્ર ચોપડે કામ પૂર્ણ કરવાનું પાપ આચરવામાં આવ્યું છે.


## તંત્રી લેખ...

# કડવી વાસ્તવિકતા: 'ચેન્જ' નહીં, માત્ર સત્તાનું 'એક્સચેન્જ'! સંસદમાં નાટક અને લગ્નોમાં જેલમજેલ... દેશની જનતા ક્યાં સુધી છેતરાશે?

આજના રાજકારણની અને સમગ્ર શાસન વ્યવસ્થાની એક એવી કડવી અને ભયાનક વાસ્તવિકતા છે, જેને જો દેશની જનતા આજે પણ નહીં સમજવાનો ડોળ કરશે, તો આવનારી પેઢીઓ માટે આ દેશ માત્ર શાસકોનો અને નેતાઓનો બનીને રહી જશે. આપણે જેને લોકશાહીનો મહાસંગ્રામ, પ્રજાના હક્કની લડાઈ કે લોકશાહીનું મંદિર માનીએ છીએ, તે વાસ્તવમાં સત્તા મેળવવાનો અને જાળવી રાખવાનો એક પૂર્વઆયોજિત સોદાબાજીનો ખેલ બનીને રહી ગયો છે. જ્યાં સુધી દેશનો સામાન્ય નાગરિક આખી સરકારી, પ્રશાસનિક અને રાજકીય વ્યવસ્થાને પ્રજા પ્રત્યે સીધી રીતે જવાબદેહ (Accountable) નહીં બનાવે, ત્યાં સુધી સત્તા અને વિપક્ષ વચ્ચે માત્ર 'એક્સચેન્જ' (અદલાબદલી) ચાલી કરશે, મૂળભૂત વ્યવસ્થામાં કોઈ સાચો 'ચેન્જ' (બદલાવ) ક્યારેય નહીં આવે!

### રાત્રે એક જ ટેબલે રાજશાહી જમણવાર અને સવારે સંસદ બહાર વિરોધનું સુપરહિટ નાટક!

દેશની પ્રજાએ હવે પોતાના અંધભક્તિના ચશ્મા ઉતારીને ખુલ્લી આંખોથી કડવું સત્ય જોવાની જરૂર છે. જે નેતાઓ ટીવી કેમેરા સામે એકબીજા પર કીચડ ઉછાળે છે, એકબીજાને દેશના દ્રોહી કે લોકશાહીના હત્યારા ગણાવે છે અને સંસદ કે



વિધાનસભાના દરવાજે હાથમાં પ્લેકાર્ડ લઈને વિરોધ કરવાનું નાટક કરે છે, તે જ નેતાઓ રાત્રે દિલ્હી કે મુંબઈના કોઈ હાઈપ્રોફાઈલ લગ્નપ્રસંગોમાં કે બંધ ઓરડાઓમાં એક જ ટેબલ પર બેસીને હસી-મજાક સાથે જલસાથી જમણવાર કરતા હોય છે. પ્રજા માટે જે મુદ્દાઓ જીવન-મરણના, મોંઘવારીના, બેરોજગારીના કે સુરક્ષાના હોય છે, તે આ રાજકારણીઓ માટે માત્ર ને માત્ર રોટલા શેકવાનો અને વોટબેંક સાચવવાનો 'ચૂંટણી મુદ્દો' બનીને રહી ગયા છે.

### દિલ્હી હોય કે ઝારખંડ... પ્રજા પર લાઠીઓ અને નેતાઓ માટે પબ્લિસિટી!

દેશના એક ખૂણે (દિલ્હીમાં) ભવિષ્ય બનાવવાની આશા રાખતા નિર્દોષ વિદ્યાર્થીઓ પર રસ્તા પર દોડાવી-દોડાવીને લાઠીઓ વીંઝાય છે, તો બીજા ખૂણે (ઝારખંડમાં) યુવાનોના હક્કો અને રોજગાર છીનવાય છે. આ શાસકો કે વિપક્ષના નેતાઓમાંથી કોઈના પણ પેટનું પાણી હલતું નથી. તેમના માટે દેશના કોઈપણ ખૂણે બનતી ભયાનક કે દર્દનાક ઘટના માત્ર કેમેરા સામે બૂમો પાડવાની, એકબીજા પર આરોપ લગાવી બાઈટ્સ આપવાની અને પ્રેસ કોન્ફરન્સ યોજી પોતાની પબ્લિસિટી કરવાની એક નવી તક છે. જ્યાં સુધી પાર્લામેન્ટ અને એસેમ્બલીની અંદર બેઠેલા આ પાવરફુલ નેતાઓની આત્મામાં સિસ્ટમ બદલવાની, ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની સાચી આગ નહીં પ્રગટે, ત્યાં સુધી આ કાળો કારોબાર આમ જ ચાલ્યા કરશે.

### વ્યવસ્થામાં સડો: પ્રશાસન અને પોલીસ માત્ર નેતાઓની ચાકરીમાં મશગૂલ

દેશની જનતા ટેક્સ ભરે છે જેથી તેને શુદ્ધ પીવાનું પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા મળે. પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રજાના ટેક્સના પૈસાથી પગાર મેળવતું પ્રશાસન અને પોલીસ તંત્ર માત્ર સત્તાધીશો અને પાવરફુલ નેતાઓની જી-હજુરી કરવામાં વ્યસ્ત છે. કાયદો સામાન્ય નાગરિક માટે કડક છે, પરંતુ નેતાઓ અને ઉદ્યોગપતિઓ માટે કાયદાના દરવાજા પાછળથી ખૂલી જાય છે. જો સામાન્ય માણસ પોતાના હક્ક માટે અવાજ ઉઠાવે તો તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવાય છે, જ્યારે દેશને લૂંટનારાઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે.

### પાક્કો ગુજરાતનો દેશવાસીઓને સીધો લલકાર: આંધળી ભક્તિ છોડો, જાગો અને સવાલો પૂછો!

પ્રજાએ હવે રાજકીય પક્ષો અને ચહેરાઓની અંધભક્તિમાંથી બહાર નીકળવું પડશે. માત્ર નેતાઓ કે પક્ષો બદલાવાથી દેશ કે પ્રદેશનું ભાગ્ય ક્યારેય નહીં બદલાય, જ્યાં સુધી કાયદો, પોલીસ, અને પ્રશાસનિક તંત્ર પ્રજાના એક-એક પૈસા અને એક-એક પ્રશ્નનો જવાબ આપવા બંધાયેલું નહીં રહે. જો જનતા હજુ પણ મૌન રહીને આ રાજકીય નાટક જોયા કરશે, તો આ રાજકીય મહોરાંઓ બદલાતા રહેશે પરંતુ પ્રજાની સ્થિતિ એની એ જ રહેશે. પાક્કો ગુજરાત ન્યૂઝનો આ અવાજ દેશના ખૂણે-ખૂણે પહોંચવો જોઈએ – હવે નાટક બંધ કરો, જવાબદેહી નક્કી કરો અને દેશની જનતાને સાચો જવાબ આપો!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# આઝાદીના વીરોની શહાદત પર ઉપેક્ષાનો કાળો દાગ: દેશની શાન માટે પ્રાણ આપનાર અમદાવાદના વીર શહીદોને પ્રજા અને તંત્ર ભૂલ્યા

**'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો જાગૃતિનો લલકાર**

અમદાવાદ

જે તિરંગાની આન, બાન અને શાન માટે, માતૃભૂમિની રક્ષા અને દેશવાસીઓની સલામતી માટે પોતાના મહામૂલા પ્રાણ ન્યોછાવર કરી દીધા, તે જ વીર શહીદો આજે પોતાના જ શહેરમાં સંપૂર્ણપણે ઉપેક્ષિત અને વિસરાયેલા બની ગયા છે! આનાથી વધુ કમનસીબ અને શરમજનક ઘટના બીજી કઈ હોઈ શકે કે જે મહાન વિરલાઓએ આપણી સુખ-શાંતિ, સ્વતંત્રતા અને સલામતી માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું, તે જ પ્રજા અને સરકારી તંત્ર આજે તેમની વીરતાને બિરદાવવાનું અને તેમને યોગ્ય સન્માન આપવાનું સંપૂર્ણપણે ભૂલી ગયું છે.

### શહાદતનું અપમાન કે દેશદાઝનો સદંતર અભાવ?

અમદાવાદની આ પવિત્ર અને ઐતિહાસિક ધરતી પર જન્મેલા, અહીંની શેરીઓમાં રમીને મોટા થયેલા અને દેશકાજ કુરબાન થઈ ગયેલા વીર શહીદોનું સ્મરણ કરવું એ માત્ર એક વાર્ષિક ઔપચારિકતા નથી, પરંતુ આપણી પરમ નૈતિક ફરજ છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે ખાસ પ્રસંગો કે શહીદ દિને પણ આ વીરોની પ્રતિમાઓ કે સ્મારકો પર બે ફૂલ અર્પણ કરવાની કે તેમની સાફ-સફાઈ કરાવવાની પણ સ્થાનિક પ્રશાસનને નવરાશ નથી. જે શહેરે દેશને અનેક સપૂતો આપ્યા, તે જ શહેરના ખૂણે-ખૂણે આજે શહીદોની સ્મૃતિઓ, સ્મારકો અને તકતીઓ ધૂળ ખાતી અને જર્જરીત હાલતમાં પડી રહી છે.

### આજે ક્યાં ખોવાઈ ગઈ આપણી કૃતજ્ઞતા?

અંગત સ્વાર્થ અને પોતાના રોજિંદા કામકાજની ભાગદોડમાં અંધ બનેલી પ્રજા અને ઈવેન્ટ મેનેજમેન્ટ તથા વાહવાહ લૂંટવામાં મસ્ત બનેલું સરકારી પ્રશાસન એ મૂળભૂત વાત જ ભૂલી ગયું છે કે આજે આપણે જે ખુલ્લી હવામાં શાંતિ અને સુખથી શ્વાસ લઈ રહ્યા છીએ, તે આ વીર શહીદોના લોહીથી સિંચાયેલી છે. જે પરિવારના કમાઉ દીકરા, સિંઘમ જેવા પતિ કે બાળકોના વહાલા પિતા સરહદ કે સેવા પર કુરબાન થઈ ગયા, તેમના એ અમૂલ્ય ત્યાગની કિંમત શું આપણું સમાજ અને તંત્ર આ રીતે ચૂકવી રહ્યું છે? શહીદોના પરિવારજનો આજે પણ સરકારી કચેરીઓના ધક્કા ખાતા જોવા મળે ત્યારે આપણું મસ્તક શરમથી ઝૂકી જવું જોઈએ.

'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના સીધા, ધાતક અને તીખા સવાલો - શાસકો અને સંવેદનહીન તંત્ર જાગે!

શું ભાષણો પૂરતી જ દેશભક્તિ?: શું સરકાર અને સ્થાનિક પ્રશાસન માટે શહીદોનું અસ્તિત્વ માત્ર ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીના સ્ટેજ પરથી અપાતા ખોખલા ભાષણો પૂરતું જ સીમિત રહી ગયું છે?

કાયમી નીતિનો અભાવ કેમ?: અમદાવાદના શહીદોની યાદગીરી સાચવવા અને તેમના પરિવારજનોને આજીવન સન્માનજનક મદદ પહોંચાડવા માટે કોઈ નક્કર અને કાયમી રાજ્યસ્તરીય નીતિ કેમ બનાવવામાં આવતી નથી?

નવી પેઢી માટે પ્રેરણા ક્યાં?: આપણી નવી પેઢીને આ સ્થાનીય વીરોની મહાન કુરબાનીનો પરિચય કરાવવા માટે શાળા-કોલેજોના પાઠ્યપુસ્તકોમાં કે જાહેર સ્થળોએ વિશેષ શહીદ સ્મૃતિ કાર્યક્રમોનું આયોજન કેમ કરવામાં નથી આવતું?

સ્મારકોની આવી દુર્દશા કેમ?: અમદાવાદમાં આવેલા શહીદોના સ્મારકોની યોગ્ય જાળવણી, રોશની અને સુરક્ષા માટે કોર્પોરેશન કે તંત્ર બજેટ ફાળવવામાં આટલું કંજૂસ અને નિષ્ઠુર કેમ બની ગયું છે?

### સરકાર અને ગૃહ વિભાગ સુધી અવાજ પહોંચાડવાની જાગૃતિ હાકલ

આ અહેવાલ માત્ર કાગળ પર લખાયેલી ખબર નથી, પરંતુ અમદાવાદના અમર શહીદોના આત્માનો આક્રોશ અને તેમની વિસરાયેલી કુરબાનીનો પડઘો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' રાજ્ય સરકાર, ગૃહ વિભાગ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સ્પષ્ટ શબ્દોમાં અપીલ અને માગણી કરે છે કે:

૧. અમદાવાદના તમામ વીર શહીદોની યાદમાં એક ભવ્ય અને ગૌરવપૂર્ણ 'અમદાવાદ શહીદ સ્મારક પરિસર' કે પદયાત્રા માર્ગ વિકસાવવામાં આવે.

૨. શહીદોની વીરગાથાઓને કાયમી ધોરણે ઓડિયો-વિઝ્યુઅલ અને ડિજિટલ માધ્યમથી જાહેર જનતા સમક્ષ મૂકવામાં આવે.

૩. શહીદ પરિવારજનોની તમામ મુશ્કેલીઓના નિવારણ માટે સિંગલ-વિન્ડો સિસ્ટમ ઊભી કરવામાં આવે.


જો આપણે આપણા દેશ માટે જાન આપનારા શહીદોને માન અને યોગ્ય સ્થાન આપી શકતા નથી, તો આપણને મોટેથી દેશભક્તિના દાવા કરવાનો કોઈ જ નૈતિક હક નથી. તંત્ર ઘોર નિંદ્રામાંથી જાગે અને આ વીર શહીદોની કુરબાનીને યોગ્ય ન્યાય આપવાની દિશામાં તાત્કાલિક પગલાં ભરે!

**- પાક્કો ગુજરાત ન્યૂઝ**

# આજના યુવાનોમાં ઘટતી જતી સામાજિક જવાબદારી અને નૈતિક મૂલ્યોનું પતન – વિશેષ ચિંતનાત્મક



૨૧મી સદીના આ આધુનિક યુગમાં આપણી યુવા પેઢી એટલે કે 'યંગ જનરેશન' શિક્ષણ અને આર્થિક ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી રહી છે તે આનંદની બાબત છે, પરંતુ તેની સાથે જ તેમનામાં સામાજિક જવાબદારીની ભાવના અને નૈતિક મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે તે ચિંતાનો વિષય છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કચ્છ જિલ્લાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અને ભચાઉના સિનિયર શિક્ષક રૂપેશ સોલંકીના મતે, માત્ર ડિગ્રી મેળવવી એ સાચું શિક્ષણ નથી, પરંતુ એક સંસ્કારી અને જવાબદાર નાગરિક બનવું એ જ શિક્ષણનો સાચો ઉદ્દેશ્ય છે. આજના યુવાનોને નવી દિશા આપતો અને પશ્ચિમી અંધાનુકરણ સામે જાગૃત કરતો આ વિસ્તૃત લેખ એક જ અવિરત લેઆઉટમાં નીચે મુજબ પ્રસ્તુત છે.



આજે પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ પાછળ દોડી રહેલી યુવા પેઢી પોતાની ભવ્ય ભારતીય સંસ્કૃતિ અને કૌટુંબિક પરંપરાઓથી વિમુખ થઈ રહી છે. વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને ભૌતિક સુખ-સુવિધાઓ મેળવવાની આંધળી દોડમાં યુવાનો વડીલો પ્રત્યેનો આદર અને સંયુક્ત પરિવારની ભાવના ગુમાવી રહ્યા છે. સમાજમાં કોઈ મુશ્કેલી આવે ત્યારે સંવેદનશીલ બનીને મદદ કરવાને બદલે, આજની પેઢી પોતાની ધૂનમાં મસ્ત રહેવાનું વધુ પસંદ કરે છે. દેશ અને સમાજના વિકાસમાં યુવાનોનો ફાળો સર્વોપરી હોવો જોઈએ, પરંતુ તેના સ્થાને ભૌતિકતાવાદી અભિગમ અને 'માત્ર મારું જ ભલું થાય' એવી સંકુચિત વિચારસરણી યુવા માનસ પર હાવી થઈ રહી છે, જે લાંબા ગાળે સમાજ વ્યવસ્થા માટે ખતરારૂપ સાબિત થઈ શકે છે.

કોઈપણ રાષ્ટ્રની મજબૂતી તેના યુવાનોના ચારિત્ર્ય પર નિર્ભર કરે છે. આજની યંગ જનરેશન ખૂબ જ જલ્દી વૈભવી જીવનશૈલી મેળવવાની ઘેલી ઈચ્છામાં ઘણીવાર શોર્ટકટ અપનાવે છે, જે તેમને ખોટા માર્ગે દોરી જાય છે. આ સિવાય યુવાનોમાં વધતું જતું વ્યસનનું પ્રમાણ, નૈતિક મર્યાદાઓનો ભંગ અને ત્વરિત ક્રોધ તેમના ભવિષ્યને નુકસાન પહોંચાડી રહ્યા છે. યુવાનો એ ભૂલી રહ્યા છે કે સત્ય, પ્રામાણિકતા, કરુણા અને સંયમ જેવા નૈતિક મૂલ્યો જ જીવનને સાચી ઊંચાઈ પર લઈ જાય છે. પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થી જો વ્યવહારિક જીવનમાં સંસ્કારહીન હોય, તો તે શિક્ષણ નકામું સાબિત થાય છે. યુવાનોએ પોતાની શક્તિનો ઉપયોગ કેવળ આજીવિકા રળવા માટે જ નહીં, પણ સમાજને શ્રેષ્ઠ બનાવવામાં કરવો જોઈએ.

યુવા પેઢીના આ વૈચારિક ભ્રમ અને ચારિત્ર્ય નિર્માણની આવશ્યકતાને સમજાવતી એક સુંદર પ્રેરક કાવ્ય પંક્તિ અહીં પ્રસ્તુત છે: 'સંસ્કારની આ ભવ્ય વિરાસતને તું પશ્ચિમી વાયરામાં ના વહાવ, ભૌતિક સુખોની આ ક્ષણિક મોહમાયામાં તારું ચારિત્ર્ય ના ગુમાવ; જાગીને જરા દેશ અને સમાજ પ્રત્યેની તારી ફરજને તું ઓળખ, જોજે 'રૂપેશ' નૈતિકતાના આ પથ પર જ તને તારો સાચો આદર મળશે એકવાર.' આ પંક્તિઓ યુવાનોને ભૌતિકતાના મોહમાંથી બહાર આવીને રાષ્ટ્ર નિર્માણના પાવન કાર્યમાં જોડાવાની હાકલ કરે છે.

શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરવું એ આજના સમયની સૌથી મોટી માગ છે. એક શિક્ષક તરીકે રૂપેશ સોલંકી ભારપૂર્વક જણાવે છે કે, શાળાઓ અને મહાવિદ્યાલયોમાં કેવળ પુસ્તકીય જ્ઞાન આપવાને બદલે નૈતિક શિક્ષણ અને મૂલ્યનિષ્ઠાના પાઠ ભણાવવા અત્યંત અનિવાર્ય બન્યા છે. વાલીઓએ પણ પોતાના સંતાનોને માત્ર મોંઘી વસ્તુઓ કે સુવિધાઓ આપવાને બદલે તેમનામાં સામાજિક સેવા, અરસપરસ આદર અને વડીલો પ્રત્યેની વિનમ્રતાના ગુણો કેળવવા જોઈએ. યુવાનોએ પણ સ્વયં જાગૃત થઈને સમાજના વંચિત અને નબળા વર્ગોની સેવા માટે અવારનવાર સમય ફાળવવો જોઈએ, જેથી તેમનામાં સામાજિક સમરસતાની ભાવના મજબૂત બને.

આ વિસ્તૃત લેખનો અંતિમ નીચોડ એ જ છે કે નૈતિકતા વગરની પ્રગતિ એ અધૂરી અને ક્ષણભંગુર છે. આપણી યંગ જનરેશન પાસે અદભુત બુદ્ધિપ્રતિભા અને ક્ષમતા છે, જો આ ક્ષમતાની સાથે ઉચ્ચ માનવીય મૂલ્યો અને સામાજિક જવાબદારીનો સમન્વય થાય, તો ભારતને વિશ્વગુરુ બનતા કોઈ રોકી શકે નહીં. ચાલો, આજના આ વિશેષ વૈચારિક લેખ દ્વારા આપણે સૌ યુવાનો દઢ સંકલ્પ કરીએ કે, પશ્ચિમી અંધાનુકરણનો ત્યાગ કરી આપણી ભવ્ય કૌટુંબિક ભાવનાને જીવંત રાખીશું, ગમે તેવા કપરા સંજોગોમાં પણ નૈતિકતાનો સાથ નહીં છોડીએ અને સકારાત્મક અભિગમ સાથે રાષ્ટ્ર અને સમાજના નવનિર્માણમાં આપણું સર્વોત્તમ પ્રેરણાદાયી યોગદાન આપતા રહીશું.

- રૂપેશ સોલંકી – ભચાઉ

# વરસાદી હેલી અને પ્રેમના ઓજસ: નિત્યક્રમની નીરસતા વચ્ચે દામ્પત્યમાં 'સ્પાર્ક' પુનર્જીવિત કરતી ગુલાબી મોસમ!

વિશેષ આલેખન – પાક્કો ગુજરાત ન્યૂઝ

વરસાદની મોસમ માત્ર કાળઝાળ ગરમીથી રાહત આપતી આબહવા નથી, પણ તે મનુષ્યના હૃદયના ખૂણામાં સુષુપ્ત પડેલી લાગણીઓ, પ્રેમ અને સ્પર્શની તીવ્ર ઈચ્છાઓને પણ નવપલ્લવિત કરતું ઉત્સવરૂપી માધ્યમ છે. 'રિમઝીમ ગિરે સાવન, સુલગ સુલગ જાયે મન...' જેવા બોલિવૂડના સદાબહાર અને સૂરમય વરસાદી ગીતો માત્ર કાનને પ્રિય નથી લાગતા, પરંતુ પતિ-પત્ની વચ્ચેના પરસ્પર સંબંધોમાં એક અદ્રશ્ય, મોહક આકર્ષણ ઊભું કરે છે. આજની અતિ-વ્યસ્ત, ભાગદોડ ભરેલી જિંદગી અને વર્ક ફ્રોમ હોમના થકવી દેતા નિરસ કલાકો વચ્ચે જ્યારે દંપતી એક જ છત નીચે હોવા છતાં એકબીજાથી કોસો દૂર ફેંકાઈ જાય છે, ત્યારે આ આહલાદક વરસાદી વાતાવરણ સંબંધોમાં પ્રેમના રંગો પૂરવાનું કામ કરે છે. દૂરતામાંથી અવિભાજ્ય નિકટતા: સોનલ અને કેવિનની પ્રેમકથા, જે દરેક દંપતીના દિલનો અવાજ છે સોનલ અને કેવિન બંને પોતપોતાના લેપટોપની સ્ક્રીન સામે 10થી 12 કલાક સતત વિતાવતા હતા. કામનો અવિરત બોજ, ઓનલાઈન મીટિંગ્સનો માનસિક તણાવ અને રોજિંદી ઘટમાળમાં તેમના દામ્પત્યમાંથી પ્રેમ અને શારીરિક આકર્ષણ જાણે બરફની જેમ થીજી ગયું હતું. પરંતુ બાલ્કનીમાં બેસીને નિહાળેલો મુશળધાર વરસાદ, રસોડામાં સાથે મળીને બનાવેલી ગરમાગરમ આદુવાળી ચા અને ભજિયાંની સોડમ, તેમજ બેકગ્રાઉન્ડમાં ધીમા અવાજે વાગતા રોમેન્ટિક વરસાદી ગીતોએ તેમની વચ્ચેનો બરફ ક્ષણભરમાં ઓગાળી દીધો. વરસાદની ભીનાશમાં સાથે પલળવું, એકબીજાની હૂંફમાં ખોવાઈ જવું, ભીના કપડાંની આરપારથી એકબીજાના સ્પર્શનો રોમાંચ અનુભવવો અને ત્યારબાદ શાવરની મજા માણી એકબીજાના બાહોમાં લીન થઈ જવું–આ માત્ર કોઈ શારીરિક ક્રિયા નહોતી, પરંતુ બે આત્માઓનું પવિત્ર પુનઃ મિલન હતું.

સંબંધોમાં દિવ્ય ઉષ્મા અને લાગણીઓનું જોડાણ કેમ જરૂરી છે?

દામ્પત્ય જીવનમાં સમય જતાં જવાબદારીઓ, કામના ભારણ અને ઘરેલુ ચિંતાઓના કારણે ક્યારેક એક પ્રકારનો ખાલીપો કે નીરસતા વ્યાપી જતી હોય છે. આ નીરસતાને દૂર કરવા માટે આવી મોસમ અને નાની-નાની ક્ષણો સંજીવની સમાન સાબિત થાય છે: નાની ક્ષણોમાં પ્રેમની શોધ: સાથે મળીને ચા બનાવવી, બારી પાસે ઊભા રહી વરસાદની બુંદોને જોવી કે એકબીજાનો હાથ પકડવો એ સાથે વિતાવેલા ગુણવત્તાસભર સમયની ઓળખ છે. સ્પર્શની અનકહી ભાષા: ઘણીવાર હજાર શબ્દો જે કામ નથી કરી શકતા, તે એક પ્રેમભર્યો આલિંગન (હગ), એકબીજાની આંખોમાં જોવું કે એક મધુર સ્પર્શ કરી બતાવે છે. સ્પર્શથી શરીરમાં પ્રેમ અને લાગણીના હોર્મોન્સ સક્રિય થાય છે. શારીરિક અને માનસિક સુમેળ: શારીરિક નિકટતા (સમાગમ કે સંભોગ) એ માત્ર જૈવિક જરૂરિયાત નથી, પરંતુ તે પતિ-પત્ની વચ્ચેના માનસિક તણાવને ક્ષણવારમાં દૂર કરી, પ્રેમ અને વિશ્વાસના તાંતણાને વધુ મજબૂત અને ગાઢ બનાવતું પવિત્ર માધ્યમ છે. આ વરસાદી મોસમ દરેક દંપતીને એ કડવું છતાં સુંદર સત્ય યાદ અપાવે છે કે જિંદગીની ગમે તેટલી દોડધામ કે નારાજગી હોય, પણ સાથે વિતાવેલી પ્રેમભરી અને આત્મીય ક્ષણો જ જીવનનો સાચો અને વાસ્તવિક આનંદ છે.

# 'ઈતિહાસ મનમોહન સિંહને પ્રામાણીકતા માટે યાદ રાખશે'

૨૦૧૪ના જાન્યુઆરી મહિનામાં પોતાની છેલ્લી પ્રેસ કોન્ફરન્સમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે કહ્યું હતું કે, 'મારૂ માનવું છે કે ઈતિહાસ મારા પ્રત્યે એ સમયના મીડિયા કે સંસદના વિરોધ પક્ષોની સરખામણીએ વધુ ઉદાર રહેશે.'

એ વખતે મનમોહન સિંહ પર વિરોધપક્ષો અને મીડિયાએ ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. ૨૯મી જુલાઈએ મનમોહન સિંહની આ વાત સાચી સાબિત થઈ. સુપ્રિમ કોર્ટે કોલસા વિતરણ કૌભાંડના કેસમાં મનમોહન સિંહને ક્લીનચીટ આપી હતી. આ બાબતે હવે સોનિયા ગાંધીએ નરેન્દ્ર મોદીને ટોણો માર્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે પ્રમાણીકતા અને જવાબદારી મામલે મનમોહન સિંહનો રેકોર્ડ મોદી સરકાર કરતા અલગ જ છે. ઈતિહાસ એમને એક શાંત, સૌમ્ય પરંતુ અગત્યના વડાપ્રધાન તરીકે સારા શબ્દોમાં યાદ રાખશે. પ્રમાણીક અને સાચા વ્યક્તિ ડો. સિંહ વિરુદ્ધ કાવતરૂ ઘડવામાં આવ્યું હતું. આરએસએસને આતંકી સંગઠન જાહેર કરવા પૂર્વ કાર્યકરની માંગ આરએસએસના એક ભૂતપૂર્વ પ્રચારક યશવંત સહદેવ શિંદેએ કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખડગે અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પત્ર લખીને આરએસએસના પ્રમુખ મોહન ભાગવત, આરએસએસના નેતા ઈન્દ્રેશકુમાર અને વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી મીલીંદ પરાડે સહિત કેટલાક સિનિયર નેતાઓ પર ગંભીર આક્ષેપ કર્યા છે. એમણે કહ્યું છે કે ૨૦૦૦ના દશકમાં દેશની અલગ અલગ જગ્યાઓએ જે બોમ્બ ધડાકા થયા હતા એની તપાસ કરવામાં આવે અને આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવે. ૨૦૦૦ના દશકમાં દેશમાં થયેલા કેટલાક બોમ્બ વિસ્ફોટો માટે જમણેરી વિચારધારાની કેટલીક વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. વિવિધ એજન્સીઓએ એની તપાસ પણ કરી હતી જોકે છેવટે આરોપીઓ નિર્દોષ છૂટયા હતા. શિંદે ૧૯૯૦થી પુર્ણકાલીન આરએસએસ કાર્યકર્તા હતા. શિંદેનું કહેવું છે કે એમને આરએસએસ સાથે સંબંધ ત્યારે કાપી નાખ્યા હતા કે જ્યારે એમને બોમ્બ બનાવવાનું શીખનાર ટીમમાં સામેલ થવાનું કહેવામાં આવ્યું હતું. પરાંદેના નેતૃત્વમાં બીજા ૨૦ લોકો સાથે એમણે બોમ્બ બનાવવાનું શીખવાની ટ્રેનિંગ લીધી હતી. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ)ના સત્તાધિશોએ ઉમર ખાલીદના પુસ્તક 'ફ્રેક્ચર્ડ કોમ્યુનિટિઝ' પર ચર્ચા માટે જે ઓડીટોરિયમમાં બુકિંગ કરાવ્યું હતું. દેશદ્રોહના આરોપ હેઠળ ઉમર ખાલીદ હમણા જેલમાં છે. આ કાર્યક્રમ હવે રદ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ ૧૦મી ઓગસ્ટે થવાનો હતો. જેએનયુના વિદ્યાર્થી સંગઠન દ્વારા આદિવાસી દિવસના પ્રસંગે



પાક્કો ગુજરાત
ગુરુવાર | 13 ઓગસ્ટ 2026 | અમદાવાદ

# જેતપુરપાવીમાં NH-56 પર તંત્રની ઘોર બેદરકારી!
# વાનકુટિર ત્રણ રસ્તા પાસે બેટમાં ફેરવાયો હાઇવે



■ ચોવીસ કલાક પાણી ભરાતાં રાહદારીઓ ત્રસ્ત, તંત્ર ક્યારે જાગશે?

પાવીજેતપુર

જેતપુરપાવીના હાર્દસમા વાનકુટિર ત્રણ રસ્તા પાસે, સ્વામિનારાયણ મંદિરની બિલકુલ સામેથી પસાર થતો નેશનલ હાઈવે (NH-56) અત્યારે સરકારી તંત્રની નાકામી અને આળસનું જીવંત ઉદાહરણ બની ગયો છે. છેલ્લા ઘણા સમયથી અહીં વરસાદી પાણીના યોગ્ય નિકાલની કોઈ જ વ્યવસ્થા ન હોવાને કારણે ૨૪ કલાક પાણી ભરાયેલું રહે છે, જેના કારણે ચોમાસામાં માર્ગેથી પસાર થતાં હજારો વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

સ્થાનિક વેપારીઓ અને રહીશોના જણાવ્યા અનુસાર, આ ગંભીર સમસ્યા અંગે સંબંધિત વિભાગ અને સ્થાનિક તંત્રને વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, આજદિન સુધી કોઈ જ નક્કર કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. અધિકારીઓની આવી નિષ્ક્રિયતાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ અને નારાજગી વ્યાપી ગઈ છે.

સતત પાણી ભરાયેલું રહેવાને કારણે NH-56 નો કરોડોના ખર્ચે બનેલો રોડ પણ બગડી રહ્યો છે. પાણીના કારણે રોડ પર મોટા ખાડા પડી રહ્યા છે, જેનાથી અકસ્માતનો ગંભીર ભય સતત તોળાતો રહે છે. કીમતી જાહેર મિલકતનું નુકસાન થઈ રહ્યું હોવા છતાં જવાબદાર અધિકારીઓ મૌન પ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યા છે.

વારંવારની રજૂઆતો છતાં વરસાદી પાણીના નિકાલની કાયમી ગટર લાઈન કે નાળાની વ્યવસ્થા કેમ કરવામાં નથી આવતી?

શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના કે માનવજિંદગીનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યું છે?

કરોડોના બજેટથી બનતા નેશનલ હાઈવે પર પાણીના નિકાલનું પ્લાનિંગ કરવામાં કયા અધિકારીઓએ બેદરકારી દાખવી?

પ્રજાના ટેક્સના પૈસાનો આ રીતે વ્યય કરનાર જવાબદારો સામે ક્યારે પગલાં લેવાશે?

સ્થાનિકો અને વાહનચાલકોની સ્પષ્ટ માગણી છે કે NH-56 ના અધિકારીઓ અને સ્થાનિક પ્રશાસન તાત્કાલિક ધોરણે સ્થળની મુલાકાત લે અને યુદ્ધના ધોરણે પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા ઊભી કરે. જો આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં સ્થાનિક પ્રજા દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી પૂરી શક્યતા છે.

## ઠગ પતિ ભાવિક ત્રિવેદી બાદ પત્ની અંકિતાની પણ ધરપકડ

# અંકલેશ્વરમાં રોકાણ અને લોનના નામે રૂપિયા 19 લાખની છેતરપિંડી

અંકલેશ્વર, રંગુની જાકીર

અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા નજીક આવેલા સંસ્કાર બંગ્લોઝમાં રહેતા એક દંપતી સાથે રોકાણ અને લોન અપાવવાના બહાને રૂ. 19 લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. આ મામલે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે અગાઉ ઠગ પતિની ધરપકડ કર્યા બાદ તેની પત્નીની પણ ધરપકડ કરી છે.




ફરિયાદી સુશીલા ઉર્ફે આરતીબેન શુકલા અંકલેશ્વર જી.આઈ.ડી.સી. સ્થિત વિધિ ટ્રાન્સપોર્ટમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરે છે. તેમની સાથે નોકરી કરતા ભાવિક ત્રિવેદી અને તેમની પત્ની અંકિતા ત્રિવેદીએ પોતાને 'ગ્રીન માઈન્ડ કન્સલ્ટ' નામની ફાઈનાન્સ કંપની ચલાવતા હોવાનું જણાવ્યું હતું.

આરોપી દંપતીએ ફરિયાદીને વિવિધ બેંકોમાંથી સરળતાથી મોટી રકમની લોન અપાવવાની ખાતરી આપી હતી. તેમણે લોનની રકમમાંથી 40 ટકા લાભાર્થીને આપી, જ્યારે બાકીના 60 ટકા ભારત સરકારની વિવિધ રોકાણ યોજનાઓમાં રોકાણ કરીને નાણાં બમણાં કરી આપવાની લાલચ આપી હતી. એટલું જ નહીં, મળતા નફામાંથી બેંકના હપ્તા પણ પોતે જ ભરવાની વાત કરી હતી. આ લાલચમાં આવીને ફરિયાદી દંપતીએ આરોપીઓ પર વિશ્વાસ મૂક્યો અને તેમને રૂ. 19 લાખ આપ્યા હતા. જોકે, નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ તેમના વાયદા મુજબ કોઈ લાભ આપ્યો ન હતો.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણ થતાં ફરિયાદીએ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી અગાઉ આરોપી ભાવિક ત્રિવેદીની ધરપકડ કરી હતી. આજે તેની પત્ની અંકિતા ત્રિવેદીની પણ ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પ્રદૂષિત ગેસથી પાક સુકાયા, ખેડૂતોની ફરિયાદ

# હેમાની સહિતની કંપનીઓ સામે કલેક્ટરને રજૂઆત

ભરૂચ, રંગુની જાકીર

વાગરા તાલુકાના સારણ ગામના ખેડૂતોએ GIDCની હેમાની કોપર, જી.એસ.પી. અને નીલકંઠ એન્વાયરો કંપનીઓ સામે ભરૂચ જિલ્લા કલેક્ટરને લેખિત ફરિયાદ કરી છે. ખેડૂતોનો આરોપ છે કે કંપનીઓમાંથી નીકળતા પ્રદૂષિત ગેસના કારણે તેમના ખેતરોમાં ઊભા પાક અને મોટા વૃક્ષોને નુકસાન થઈ રહ્યું છે.



આ પ્રદૂષિત ગેસના કારણે કપાસ, તુવેર, મગ સહિતના કઠોળ પાકો તેમજ લીમડા અને સમડી જેવા મોટા વૃક્ષો પણ સુકાઈ રહ્યા છે. ખેતી પર નિર્ભર પરિવારોને આના કારણે મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે, જેનાથી તેમની આજીવિકા જોખમમાં મુકાઈ છે.

ખેડૂતોએ રજૂઆતમાં જણાવ્યું છે કે ગત વર્ષે જ્યારે કંપનીનું ઉત્પાદન ચાલુ હતું, ત્યારે પાકને નુકસાન થયું હતું. જોકે, જ્યારે કંપની બંધ હતી, ત્યારે આ પ્રકારનું નુકસાન જોવા મળ્યું ન હતું. આથી, ખેડૂતો કંપનીની કામગીરી અને ખેતરોમાં થઈ રહેલા નુકસાન વચ્ચે સીધો સંબંધ હોવાની શંકા વ્યક્ત કરી રહ્યા છે.

આ મામલે મામલતદાર કચેરી દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના અધિકારીઓને સ્થળ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. GPCBની ટીમે કંપની ખાતે તપાસ પણ કરી હોવાનું ખેડૂતોનું કહેવું છે, પરંતુ તપાસમાં શું બહાર આવ્યું તેની કોઈ જાણ ખેડૂતોને કરવામાં આવી નથી, જેના કારણે તેમનામાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

ખેડૂતોએ કલેક્ટરને સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરી છે કે જો ફરી કંપનીનું ઉત્પાદન શરૂ થશે તો તેમને વધુ નુકસાન થવાનો ભય છે.

તેમણે તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ, જવાબદાર કંપની સામે કડક કાર્યવાહી, પ્રદૂષણ ફેલાવતી કામગીરી બંધ કરાવવા અને થયેલા નુકસાનનું વળતર ચૂકવવાની માંગ કરી છે. હવે જિલ્લા તંત્ર અને પ્રદૂષણ નિયંત્રણ તંત્ર આ મામલે શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર રહેશે.

# પોરબંદરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા નિઃશુલ્ક જાહેર પાર્કિંગ અને ટ્રાફિક ગ્લાસની સુવિધા ઉભી કરવા થઈ માંગ

### પીઢ પત્રકાર તથા સામાજિક કાર્યકર ભાર્ગવ એસ. જોશીએ મેયર અને મ્યુનિસિપલ કમિશનરને આવેદન પાઠવી રજૂઆત કરી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેરમાં દિવસેને દિવસે વધી રહેલી ટ્રાફિક સમસ્યા તેમજ પાર્કિંગની અછતને ધ્યાનમાં રાખીને પોરબંદરના પીઢ પત્રકાર તથા સામાજિક કાર્યકર ભાર્ગવ એસ. જોશીએ પોરબંદર મહાનગરપાલિકાના મેયર તથા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી શહેરના ગીચ વિસ્તારોમાં *નિઃશુલ્ક જાહેર પાર્કિંગ તથા ટ્રાફિક ગ્લાસ (કન્વેક્સ મિરર)*ની સુવિધા ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરી છે.

આવેદનપત્રમાં ભાર્ગવ જોશીએ ખાસ કરીને સુદામાચોકથી માણેકચોક, સુદામાચોકથી વાડીપ્લોટ તેમજ કમલાબાગ વિસ્તારના મુખ્ય માર્ગો અને આંતરિક ગલીઓના જોડાણવાળા વિસ્તારોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યા તરફ મહાનગરપાલિકા તંત્રનું ધ્યાન દોર્યું છે. તેમણે જણાવ્યું હતું કે પોરબંદરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ શહેરના નાગરિકોમાં સ્વાભાવિક રીતે નવી અપેક્ષાઓ ઊભી થઈ છે. મહાનગરપાલિકા માત્ર નામ પૂરતી નહીં, પરંતુ નાગરિકોને મળતી સુવિધાઓ અને વ્યવસ્થામાં પણ મહાનગર જેવી હોવી જોઈએ. ભાર્ગવ જોશીના જણાવ્યા મુજબ, શહેરના ગીચ વિસ્તારોમાં યોગ્ય સ્થળોએ નિઃશુલ્ક જાહેર પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો રસ્તાઓ પર થતું અનિયમિત પાર્કિંગ ઘટાડી શકાય છે અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળી શકે છે. ઉપરાંત, મુખ્ય માર્ગો અને આંતરિક ગલીઓના જોડાણવાળા સ્થળોએ ટ્રાફિક ગ્લાસ (કન્વેક્સ મિરર) લગાવવામાં આવે તો સામેથી આવતા વાહનો સરળતાથી દેખાઈ શકે અને અકસ્માતની સંભાવના પણ ઘટાડી શકાય. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા પોરબંદર મહાનગરપાલિકાને શહેરના સર્વાંગી વિકાસ માટે રૂ. ૫૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે મહાનગરપાલિકા સામે પાણી પુરવઠા બોર્ડ, પી.જી.વી.સી. એલ. સહિતની વિવિધ નાણાકીય જવાબદારી ઓ પણ છે.

# સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ સૂત્રનો છેદ ઉડાડતી સાધલીમાં યોજાયેલ તિરંગા રેલી

### રાષ્ટ્રીય પ્રતિમા સરદાર પટેલ પર ગન પ્રેશરથી ઉડાડેલ પતાકાથી રાષ્ટ્રીય પ્રતિમાનું અવમૂલ્યન

સાધલી, હસમુખ પટેલ

સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત દ્વારા સાધલીમાં વિશાળ બોર્ડ મુકીને સમજદાર બનો, કચરાનું યોગ્ય વર્ગીકરણ કરો ની જાહેરાત કરેલ છે. પરંતુ આ જાહેરાતનો છેદ પદાધિકારીઓ તથા અધિકારીઓની હાજરીમાં બનેલ છે.



સાધલી મુકામે તારીખ 11 ઓગસ્ટ 2026 ના રોજ શાળા, કોલેજના બાળકો સાથે પદાધિકારીઓ અને અધિકારીઓની વિશાળ તિરંગા યાત્રા નીકળી હતી. જેમાં જિલ્લાના પ્રથમ નાગરિક જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સનાબેન રબારી, 147 કરજણ-શિનોર વિધાનસભા ના પ્રથમ નાગરિક ધારાસભ્ય અક્ષય પટેલ, કરજણ શિનોરના પ્રાંત અધિકારી શિવમ બારીયા તાલુકા મામલતદાર મુકેશ બારીયા, શિનોર પોલીસ ની સમગ્ર ટીમ શાળા કોલેજના આચાર્યો અને શિક્ષક ભાઈ બહેનો સહિત ભાજપાના ચૂંટાયેલા કાર્યકરો તથા સંગઠનના કાર્યકરો આ રેલીમાં જોડાયા હતા. આ તમામ ભણેલા ગણેલા અને સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત તથા સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ સૂત્રને સારી રીતે સમજી શકે તેવા હતા, પરંતુ તેઓની હાજરીમાં બસ સ્ટેન્ડ પાસે કરાયેલ આતશબાજી નો કચરો જાહેરમાં પડ્યો હતો, ઉપરાંત અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમાને હાર તોરા કરતી વખતે પ્રેશર ગનથી ઉડાડેલા પતાકાનો તથા તુક્કલો નો કચરો આજે 48 કલાકે પણ સરદાર પટેલની પ્રતિમા પાસે પડી રહ્યો છે, જે રાષ્ટ્રીય પ્રતિમા નું અપમાન કર્યા બરાબર છે. તાલુકા-જિલ્લાના ચૂંટાયેલા જવાબદાર પદાધિકારીઓ, જવાબદાર અધિકારીઓની હાજરીમાં જાહેરમાં આવો કચરો ઉડાડાતો હોય અને સ્વચ્છતા ઝુંબેશનો છેદ ઉડાડાતો હોય, તેવા સમયે આ તમામ મૌન બનીને જાણે કે ગંદકીને ને આવકાર આપી રહ્યા હતા.

# બરવાળા અને રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયેલી 25,000 દારૂની બોટલો પર રોલર ફેરવાયું

બોટાદ, વિપુલ લુહાર

1 કરોડ 42 લાખ રૂપિયાની કિંમત ના ઈંગ્લિશ દારૂની બોટલો પર પ્રાંત અધિકારી,DYSP, PI ની હાજરીમાં નાશ કરાયો/

બોટાદ જિલ્લાના બરવાળા ખાતે રૂપિયા 1 કરોડ 42 લાખની કિંમતનો 25,000 બોટલ દારૂનો જથ્થો નાશ કરવામાં આવ્યો છે. આ દારૂ રાણપુર અને બરવાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયો હતો.ઝડપાયેલા મુદ્દામાલમાં ઈંગ્લિશ દારૂ અને બિયરની આશરે 25,000 બોટલોનો સમાવેશ થાય છે. આ સમગ્ર જથ્થા પર રોલર ફેરવીને તેનો નાશ કરવામાં આવ્યો હતો.નામદાર કોર્ટના આદેશ બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પ્રાંત અધિકારી સંજય ચૌધરી, DYSP ચિંતન પટેલ, બરવાળા પોલીસ સ્ટેશનના PI વી.વી. ટાંક અને રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ. પટેલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.આ દારૂનો જથ્થો રાણપુર અને બરવાળા તાલુકામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ તરીકે ઝડપાયો હતો.



## માધવપુર પોલીસ મથકે ગુનો નોંધાયો

# શ્રાવણીય તહેવારો પૂર્વે LCBની કાર્યવાહી : ચીંગરીયામાં જાહેરમાં જુગાર રમતા 7 ઝડપાયા

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

આગામી શ્રાવણીય તહેવારો દરમિયાન જુગારની બદી ફૂલીફાલી ન શકે અને પોરબંદર જિલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે મોટી કાર્યવાહી કરી છે. માધવપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ચીંગરીયા (ઘેડ) ગામે પાણીના અવેડા પાસે જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ઝડપી પાડવામાં આવ્યા હતા.




જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા (IPS) તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા (IPS) દ્વારા જિલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા તથા વધુમાં વધુ કેસો શોધી કાઢવા આપવામાં આવેલી સૂચનાના અનુસંધાને LCB ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ LCB સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ ચૌહાણને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચીંગરીયા ગામે પાણીના અવેડા પાસે જાહેરમાં જુગાર રમતા નિલેશ ઉર્ફે પટેલ ભીખાભાઈ વાસણ (ઉ.વ. ૩૮), ભાવેશ માલદેભાઈ વાજા (ઉ.વ. ૪૦), નાગા ભોજાભાઈ કડછા (ઉ.વ. ૪૨), રાજુ હાજાભાઈ દાસા (ઉ.વ. ૩૪), ભોજા ગગનભાઈ દાસા (ઉ.વ. ૨૭), નાગા કરણભાઈ ઓડેદરા (ઉ.વ. ૩૪) અને અનીલ બચુભાઈ કેશવાલા (ઉ.વ. ૩૫)ને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના નંગ-૫૨, રોકડા રૂ. ૭૦,૮૦૦ તથા પાથરણું-૧ મળી કુલ રૂ. ૭૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે માધવપુર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. B-112180172 60304/૨૦૨૬, જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

## સાધલી પંચાયતમાં બાકી વેરાના વિવાદ માટે તપાસ ની માંગ

# સાધલી પંચાયતમાંથી રૂા.11.64 લાખની ઉચાપત કરનાર તલાટીને રિમાન્ડ પુરા થતા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યો

સાધલી, હસમુખ પટેલ

સાધલી પંચાયતમાંથી 18 મહિના પહેલાં રૂપિયા 11.64 લાખની ઉચાપત કરીને ભાગી ગયેલા તલાટી કમ મંત્રી નીતિન જેતાણીના ચાર દિવસના રિમાન્ડ પુરા થતાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મૂક્યો. સાધલી ગ્રામ પંચાયત ના બેંકો ના ખાતામાંથી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવીને અને મિત્રના ખાતામાં જમા કરાવીને ઉપાડી લીધેલા સરકારી નાણા ની જાણકારી પંચાયતને થતા તારીખ 22 જાન્યુઆરી 2025 ના રોજ શિનોર પોલીસ સ્ટેશને નોંધવામાં આવ્યો હતો. પરંતુ આરોપી ફરાર થઈ ગયા હતો. જે દોઢ વર્ષ પછી શિનોર પોલીસે ઝડપી લીધો હતો. હાલ રિમાન્ડ પછી શિનોર નામદાર કોર્ટમાં રજૂ કરાતાં વકીલ દ્વારા જામીન અરજી રજૂ કરાતાં નામદાર શિનોર કોર્ટે તે નામંજૂર કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં ભરૂચ મોકલી આપેલ છે. સાધલી ગ્રામ પંચાયતની પંચાયત વેરાની વસુલાત તાલુકામાં સૌથી ઓછી છે. ચાલુ વર્ષની વસુલાત ઉપરાંત પાછલા વર્ષોની લાખો રૂપિયાની વસૂલાત બાકી છે. ઉતરાજ રોડ પર આવેલ સાધલી સ્ક્વેર શોપિંગ સેન્ટર ના વેરા ઘણા વર્ષોથી બાકી છે.ગામમાં એન.એ.થયેલ જમીનના પ્લોટોના તદુપરાંત વગવાળાના વિવિધ વેરાઓ ઘણા વર્ષોથી બાકી હતા. તાજેતરમાં ગમે તે રીતે મોટી રકમના બાકી વેરાની પાવતીઓમાં પાછલા બાકીનો ઉલ્લેખ કર્યા સિવાય ચાલુ વર્ષની વેરા પાવતી આપીને વસુલાતમાં કંઈક ખોટું થતું હોવાની શંકા ઉભી થયેલ છે, જેનો જાહેર વિવાદ થતાં આ બાબતે તપાસની માંગ છે.




# વર્ષોથી સેવા આપતા સફાઈ કામદારોને સિનિયોરિટી મુજબ કાયમી કરવાની માંગ

મહીસાગર, કાનજી ધામોત



મહીસાગર જિલ્લાની લુણાવાડા નગરપાલિકામાં વર્ષોથી સફાઈની કામગીરી કરી રહેલા વર્ગ-૪ના રોજમદાર સફાઈ કામદારોને સિનિયોરિટીના ધોરણે કાયમી કરવાની માંગ સાથે આજરોજ લુણાવાડા નગરપાલિકા તંત્રને 15 દિવસનું આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. જેમાં સામાજિક એકતા જાગૃતિ મિશન અને અખિલ ભારતીય શ્રમિક સંઘ દ્વારા લુણાવાડા નગરપાલિકાના ચીફ ઓફિસર તથા પ્રમુખને લેખિત રજૂઆત કરી જણાવાયું છે કે, વર્ષોથી શહેરની સફાઈ વ્યવસ્થા જાળવતા સફાઈ કામદારોને તેમનો ન્યાયિક હક મળવો જોઈએ. આ રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે નગરપાલિકામાં વર્ગ-૪ની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર વર્ષોથી સેવા આપતા સફાઈ કામદારોની સિનિયોરિટી અને સેવા સમયગાળાને પ્રાથમિકતા આપવામાં આવે. તેમજ તેમને કાયમી કરવા અંગેની સંપૂર્ણ સત્તાવાર દરખાસ્ત જરૂરી આધાર-પુરાવા સાથે પ્રાદેશિક કમિશનર નગર પાલીકાઓની કચેરી વડોદરા તથા સંબંધિત વિભાગો ને તાત્કાલિક મોકલવામાં આવે.તેવી માગ કરી છે. આ સંગઠનો દ્વારા લુણાવાડા નગરપાલિકા તંત્રને આજથી 15 દિવસનું આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. આ સમયગાળામાં સત્તાવાર દરખાસ્ત ઉચ્ચ કચેરીએ નહીં મોકલવામાં આવે તો તમામ પીડિત સફાઈ કામદારોને સાથે રાખીને લુણાવાડા નગરપાલિકા કચેરી સામે આવનાર ગણતરી ના દિવસોમાં અનિશ્ચિત મુદતના ધરણા-પ્રદર્શન અને આંદોલન શરૂ કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.



## ઈશા કોપ્પીકરે ટ્રોલર્સને કડક જવાબ આપ્યો

# "હા, હું અંધભક્ત છું!" - અનફોલો કરનારા ટ્રોલ્સ, બોલીવૂડ સેલેબ્સ પર ભડકી ઈશા

મુંબઈ

બોલીવૂડમાં 'ખલ્લાસ ગર્લ' તરીકે જાણીતી અભિનેત્રી ઈશા કોપીકર અવારનવાર પોતાના રાષ્ટ્રવાદી વિચારો અને બેબાક નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. નીટ પેપર લીક અને વિરોધ પ્રદર્શનો દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના પરિવાર વિશે કરાયેલી વાંધાજનક ટિપ્પણીઓની ઈશાએ આકરી ટીકા કરી હતી, જેના કારણે તેને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક લોકોએ તેને ઈન્સ્ટાગ્રામ પર 'અનફોલો' કરી દીધી અને 'અંધભક્ત' કહીને બોલાવી. હવે તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં ઈશા કોપ્પીકરે ટ્રોલર્સને કડક જવાબ આપવાની સાથે સોશિયલ મીડિયા ફોલોઅર્સના ડરથી મૌન રહેતા બોલીવૂડ સેલેબ્સ પર પણ આકરા પ્રહારો કર્યા છે. વર્ષ 2019માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલી 49 વર્ષીય એક્ટ્રેસે કહ્યું, ઈન્સ્ટાગ્રામ પર ઘણા લોકોએ મને અનફોલો કરી દીધી, પણ મને તેનાથી કોઈ ફરક નથી પડતો. કેટલાક લોકો અનફોલો કરશે તો ઘણા નવા લોકો ફોલો પણ કરશે. લોકોએ મને અંધભક્ત કહી, તો હા, હું છું અંધભક્ત... મારા દેશ માટે! ઈશાએ સ્પષ્ટ કર્યું હતું કે તે પોતાના રાષ્ટ્રવાદી વિચારોથી ક્યારેય પાછળ હટશે નહીં. સોશિયલ મીડિયાના દબાણમાં જીવતા અને ફોલોઅર્સ ઘટી જવાના ડરથી ચૂપ રહેતા બોલિવૂડ કલાકારો પર તંજ કસતાં ઈશાએ કહ્યું, એક સેલિબ્રિટી તરીકે તમારી પાસે લોકોને પ્રભાવિત કરવાની તાકાત હોય છે. જો હું કોઈ બાબતમાં વિશ્વાસ રાખું છું તો ફેન્સ ગુમાવવાના કે ફિલ્મોના ડરથી ખોટો પ્રભાવ કેમ પાડું? ઘણા સેલેબ્સ ફોલોઅર્સ બચાવવા માટે સત્ય નથી બોલતા. હું એવું ન કરી શકું. પણ જેઓ એવું કરે છે, હું તેમનો પણ આદર કરું છું, એ તેમના સંસ્કાર છે.

જંતર-મંતર પર થયેલા વિરોધ પ્રદર્શનો અને રાજકીય ચર્ચાઓ અંગે વાત કરતાં ઈશાએ જણાવ્યું હતું કે, ભારત એક લોકશાહી દેશ છે અને લોકોને સરકાર સામે સવાલો પૂછવાનો અધિકાર છે, પરંતુ વ્યક્તિગત ગાળાગાળી કે દેશ-વિરોધી વર્તન સાંખી ન લેવાય. તેણે 'તાનાશાહી' શબ્દનો હળવાશથી ઉપયોગ કરનારા લોકોને ચેતવતા કહ્યું, સાચી તાનાશાહી એ છે જ્યાં નાગરિકો સરકારની ટીકા પણ નથી કરી શકતા. ભારતમાં લોકશાહી છે અને તેની સાથે જવાબદારી પણ જોડાયેલી છે.

**ઈશાએ સ્પષ્ટ કર્યું હતું કે તે પોતાના રાષ્ટ્રવાદી વિચારોથી ક્યારેય પાછળ હટશે નહીં**

# શ્રદ્ધા કપૂરની 'ઈઠા'ની રિલીઝ ડેટ લંબાઈ

## 'ટૉક્સિક' 26 ઓગસ્ટે રિલીઝ થવાની તૈયારીમાં છે. 'ઈઠા' 28 ઓગસ્ટના રોજ રિલીઝ થવાની હતી



મુંબઈ

ઓગસ્ટ મહિનો ઈન્ડિયન સિનેમા માટે બોક્સ ઓફિસ પર ભારે ધમાકેદાર રહેવાનો હતો. જોકે, હવે એક મોટો ક્લેશ ટળી ગયો છે. શ્રદ્ધા કપૂરની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ઈઠા'ની રિલીઝ ડેટ આગળ ધકેલવામાં આવી છે. પહેલા આ ફિલ્મ 28 ઓગસ્ટે દક્ષિણના સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' સામે રિલીઝ થવાની હતી, પરંતુ મેકર્સે હવે આ ક્લેશ ટાળવાનો નિર્ણય લીધો છે.

ફિલ્મ 'ટૉક્સિક' 26 ઓગસ્ટે રિલીઝ થવાની તૈયારીમાં છે. 'ઈઠા' 28 ઓગસ્ટના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ હવે શ્રદ્ધા કપૂરની ફિલ્મે આ ક્લેશને ટાળવાનો નિર્ણય કર્યો છે. 28 ઓગસ્ટના બદલે આ ફિલ્મ હવે 4 ડિસેમ્બર 2026 એ રિલીઝ થશે. જેની સ્પષ્ટતા શ્રદ્ધાએ પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કરી હતી. શ્રદ્ધાએ 'ઈઠા'ની નવી રિલીઝ ડેટ સાથે લખ્યું, 'તુફાન માટે તૈયાર રહેજો, કારણ કે 'ઈઠા' આવી રહી છે, 4 ડિસેમ્બરે.' એટલે કે હવે મેડોક ફિલ્મના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ બોક્સઓફિસ પર પ્રભાસની ફિલ્મ 'ફૌજી'ને ટક્કર આપશે.

'ફૌજી' 3 ડિસેમ્બરે રિલીઝ થશે. જોકે 'ઈઠા' ફિલ્મ પાસે હાલમાં વધારે ફાયદો છે. કારણકે આ ફિલ્મના ટિઝરને ફેન્સનો અઢળક પ્રેમ મળ્યો હતો. વિઠાબાઈ નારાયણગાવકરની ભૂમિકામાં શ્રદ્ધાના ખૂબ વખાણ થયા હતા. જો પ્રભાસની ફિલ્મ 'ફૌજી' પોતાના ટીઝર-ટ્રેલર' થી ધૂમ મચાવશે તો શ્રદ્ધાની મુશ્કેલીઓ વધશે. સાઉથ સ્ટાર પ્રભાસને એક દિવસ અગાઉ રીલીઝનો કેટલો ફાયદો મળશે, તે તો સમયે જ ખબર પડશે, પરંતુ હાલમાં યશની 'ટોક્સિક' ફિલ્મનો રસ્તો સાફ થઈ ચુક્યો છે.

# સલમાન ખાનની આગામી ફિલ્મમાં જોવા મળશે સાગરિકા

## સાગરિકા ઘાટગે આજકાલ ફિલ્મમાં ઓછી દેખાય છે, પરંતુ તે આ ફિલ્મથી મોટા પડદે પરત ફરશે

મુંબઈ

બોલિવૂડના ભાઈજાન ફરી ફિલ્મી પડદે દસ્તક આપવા જઈ રહ્યા હતા એટલામાં જ તેની આગામી ફિલ્મ 'માતૃભૂમિ'ની રિલીઝ ડેટ પર કન્ફ્યુઝન ઊભું થતા ચાહકોને સલમાનને પડદા પર જોવા માટે વધારે રાહ જોવી પડશે. સલમાન ખાને પોતે કહ્યું હતું કે જયારે પણ તેને માહિતી મળશે તે પોતાના ચાહકોને જણાવશે. એવી ચર્ચાઓ પણ છે કે આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થઈ શકે છે. હાલમાં સલમાનનું સંપૂર્ણ ધ્યાન વામશી પૈડીપલ્લીના પિક્ચર પર છે. આ એક્શન ફિલ્મનું શૂટિંગ તેણે શરૂ કરી દીધું છે. સલમાન સાથે આ ફિલ્મમાં સાઉથની સુંદર અભિનેત્રી નયનતારા પણ લીડ રોલમાં જોવા મળશે. આ સાથે જ આ ફિલ્મમાં જેકી શ્રોફ પણ દેખાશે. આ ફિલ્મનું શૂટિંગ મુંબઈમાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

નવી અપડેટ અનુસાર શાહરુખ ખાનની ફિલ્મ 'ચક દે ઈન્ડિયા'ની 'ચકદે ગર્લ' સાગરિકા ઘાટગે પણ સલમાનની ફિલ્મમાં દેખાશે. એક રિપોર્ટ અનુસાર 'ચક દે ઈન્ડિયા'માં પ્રીતિ સબરવાલનું પાત્ર ભજવનારી પ્રખ્યાત અભિનેત્રી સાગરિકા ઘાટગે સલમાનની ફિલ્મમાં શું રોલ કરશે તે વિશે હાલમાં કોઈ પણ સ્પષ્ટતા કરવામાં આવી નથી. તે ઘણા સમય બાદ મોટા પડદે દેખાશે. પૂર્વ ભારતીય ક્રિકેટર ઝહીર ખાનની પત્ની સાગરિકા ઘાટગેને ફિલ્મમાં જોવા માટે ફેન્સ પણ આતુર છે. સલમાન ખાનની ફિલ્મમાં કોની એન્ટ્રી? ઉલ્લેખનીય છે કે સલમાન ખાનની આગામી ફિલ્મનું શીર્ષક હજી નક્કી થયું નથી. જો કે ટેન્ટેટિવ ટાઈટલ SVC63 સાથે બનાવવામાં આવી રહ્યું છે. આ ફિલ્મને વામસી પેડીપલ્લી ડાયરેક્ટ કરી રહ્યા છે. જયારે શ્રી વેંકટેશ્વર ક્રિએશનના બેનર હેઠળ દિલ રાજુ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ ફિલ્મનું શૂટિંગ એપ્રિલમાં મુંબઈમાં જ શરૂ થયું હતું. જો કે આ ફિલ્મમાં સાગરિકા ઘાટગે આજકાલ ફિલ્મમાં ઓછી દેખાય છે, પરંતુ તે આ ફિલ્મથી મોટા પડદે પરત ફરશે. પેડીપલ્લી સલમાન ખાન અને નયનતારા સાથે અન્ય સ્ટારકાસ્ટ તૈયાર કરી રહ્યા છે. ફિલ્મ માટે સ્પેશ્યલ સેટ બનાવવામાં આવ્યો હાલમાં જ એક અન્ય રિપોર્ટ દ્વારા જાણકારી મળી હતી કે હાલમાં સલમાન ખાનની આ ફિલ્મના શૂટિંગ માટે એક એક્શન સીન માટે અફઘાન ગામનો સેટ તૈયાર કરવામાં આવ્યો છે. શૂટિંગના આ ભાગમાં નયનતારા અને સલમાન ખાન બંને સાથે છે. જો કે મેકર્સે આ વિશે હજી સુધી કોઈ પણ જાણકારી આપી નથી.





# 'નસીરુદ્દીન શાહ જેવા શિયાળ બનવાને બદલે કૂતરો બનવું સારું': કંગના રણૌત

## કંગના રનૌતનું પીઢ એક્ટર વિરુદ્ધ વિવાદિત નિવેદન, પીયૂષ મિશ્રાનું સમર્થન કર્યું

મુંબઈ

એક્ટ્રેસ અને ભાજપની સાંસદ કંગના રનૌતે પીઢ એક્ટર નસીરુદ્દીન શાહ પર નિશાન સાધ્યું છે. કંગનાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં નસીરુદ્દીન શાહને 'શિયાળ' કહીને લખ્યું કે, 'તેઓ આ દેશનું ખાય છે, પરંતુ પાડોશી દેશ માટે લડે છે.' આ વિવાદ દેશમાં વિદ્યાર્થીઓના પ્રદર્શન પર બોલિવૂડ કલાકારોની ચૂપકીદીને લઈને શરૂ થયો હતો. નસીરુદ્દીન શાહે શાંત રહેનારા કલાકારોની સરખામણી મોંમાં હાડકું દબાવીને બેઠેલા શ્વાન સાથે કરી હતી. આ પછી એક્ટર પીયૂષ મિશ્રાએ ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જનો મુદ્દો ઉઠાવીને નસીરુદ્દીન શાહને પ્રશ્નો કર્યા અને કહ્યું કે, તેઓ હવે કેમ ચૂપ છે? કંગનાએ પીયૂષ મિશ્રાના નિવેદનનું સમર્થન કરતા વિવાદિત નિવેદન આપ્યું છે. 'વફાદારી દુર્લભ છે' કંગના રનૌતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પીયૂષ મિશ્રાના નિવેદનનો એક રિપોર્ટ શેર કર્યો. કંગનાએ લખ્યું કે, 'સત્ય તો એ છે કે દરેક વ્યક્તિ કોઈ ને કોઈનો શ્વાન છે, પરંતુ મને આ વાતનું ગર્વ છે કે, હું જે દેશનું ખાઉં છું, તેની રખેવાળી કરું છું અને તેના માટે લડું છું.'

કંગનાએ આગળ લખ્યું કે, 'આજના સમયમાં કૂતરો કહેવડાવવું એક પ્રશંસા છે, કારણ કે વફાદારી હવે બહુ ઓછી જોવા મળે છે. હું નસીરુદ્દીન શાહ જેવા શિયાળ બનવાને બદલે કૂતરો બનવાનું પસંદ કરીશ.' નસીરુદ્દીન શાહના 'હાડકાવાળા કૂતરા'થી શરૂ થયો વિવાદ આ વિવાદની શરૂઆત નસીરુદ્દીન શાહના એક જૂના નિવેદનથી થઈ હતી. દેશભરમાં થયેલા વિદ્યાર્થી પ્રદર્શનો પર મોટા કલાકારોના ન બોલવા પર નસીરુદ્દીનને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આના પર નસીરુદ્દીને કહ્યું હતું કે, 'જ્યારે કલાકારોની આત્મા જાગશે, ત્યારે તેઓ બોલશે.' તેમણે એક કહેવતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, 'જેના મોઢામાં હાડકું હોય છે, તે કૂતરો ભસી શકતો નથી. જેવું મોઢામાંથી હાડકું પડશે કે દાંત તૂટશે, તેઓ ભસવા લાગશે.'

# વીર પહાડિયા અને અપારશક્તિ ખુરાના સ્ટારર 'પ્રેમ કીટાણુ'નું એલાન, 2 ઓક્ટોબરે થિયેટર્સમાં થશે રિલીઝ

મુંબઈ

નિર્માતા ગૌરવ વર્માના નવા બેનર અવાનિકા ફિલ્મ્સે ફર્સ ફિલ્મ્સ સાથે મળીને પોતાની પહેલી ફિલ્મ 'પ્રેમ કીટાણુ'ની જાહેરાત કરી છે. આ ફિલ્મ 2 ઓક્ટોબર 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં વીર પહાડિયા, આફિયા સૈયદ, અપારશક્તિ ખુરાના, રાકેશ બેદી અને નિખિલ વિજય જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન 'સિર્ફ એક બંદા કાફી હૈ' અને 'એસ્પિરન્ટ્સ' ફેમ દિગ્દર્શક અપૂર્વ સિંહ કાર્કીએ કર્યું છે. 'પ્રેમ કીટાણુ' એવા છોકરાઓની વાર્તા છે, "જેમને કોલેજમાં ન માર્ક્સ મળ્યા, ન કોઈ આશા, ન પ્રેમ. મળ્યા તો માત્ર મિત્રો અને ઘણા બધા હાર્ટબ્રેક્સ." આ ફિલ્મ આજના યુવાનો અને તેમના જીવન, મહત્વાકાંક્ષાઓ તેમજ પ્રેમ સાથે જોડાયેલા સંઘર્ષોને મજેદાર અને સરળ અંદાજમાં રજૂ કરે છે. આ ફિલ્મ અવાનિકા ફિલ્મ્સની પહેલી રજૂઆત છે. ગૌરવ વર્માએ આ બેનરની સ્થાપના એવી વાર્તાઓને મંચ આપવા માટે કરી છે, જેમાં ભાવનાત્મક સચ્ચાઈની સાથે મજબૂત થિયેટ્રિકલ અપીલ પણ હોય. રેડ ચિલીઝ માટે સ્વતંત્ર નિર્માતા તરીકે તેમની અગાઉની ફિલ્મો 'ડાર્લિંગ્સ', 'ભક્ષક', 'જવાન' અને 'બદલા'ને સમીક્ષકો તેમજ દર્શકો તરફથી ભરપૂર પ્રેમ મળ્યો હતો અને આ ફિલ્મોએ બોક્સ ઓફિસ પર પણ સફળતા મેળવી હતી. અવાનિકા ફિલ્મ્સની પહેલી ફિલ્મ તરીકે 'પ્રેમ કીટાણુ' એવા સ્ટુડિયોની રચનાત્મક દિશા નક્કી કરે છે, જે નવી અને વિવિધ પ્રકારની વાર્તાઓની સાથે એવી થિયેટ્રિકલ ફિલ્મો બનાવવા માંગે છે, જેમાં તાજગી અને મનોરંજનનું સુંદર સંતુલન જોવા મળે. 'પ્રેમ કીટાણુ' આજના યુવાનો સાથે જોડાવાની સાથે જૂની પેઢીને પણ તેમના કોલેજના દિવસો અને જૂના અનુભવોની યાદ અપાવવાનો પ્રયાસ કરશે. આ ફિલ્મ તેમની જિંદગીના અનુભવોને નવી પેઢીની આશાઓ અને સપનાઓ સાથે જોડતી જોવા મળશે.



પાક્કો ગુજરાત
ગુરુવાર | 13 ઓગસ્ટ 2026 | અમદાવાદ

## સ્પોર્ટ્સ

### વોશિંગ્ટન સુંદર અનફિટ હોવાથી BCCIની ચિંતા વધી

# બુમરાહ-સુદર્શન બાદ વધુ એક સ્ટાર ટીમ ઈન્ડિયાથી બહાર થશે

મુંબઇ

શ્રીલંકા સામેની આગામી મહત્ત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીના પ્રારંભ પહેલાં જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ફેન્સ માટે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને યુવા બેટ્સમેન સાઈ સુદર્શન ઈજાના કારણે શ્રેણીમાંથી બહાર થયા બાદ, હવે ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર પણ શ્રીલંકા પ્રવાસમાંથી બહાર થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. એકસાથે મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતાં ભારતીય ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. મુખ્ય ખેલાડીઓની ઈજા અને ટીમ ઈન્ડિયાની સ્થિતિ અંગેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:



વોશિંગ્ટન સુંદર અનફિટ: ત્રીજો મોટો ફટકો રિપોર્ટ્સ મુજબ, વોશિંગ્ટન સુંદર સંપૂર્ણ રીતે ફિટ નથી અને તે શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝમાંથી બહાર થઈ શકે છે. ટીમમાં બેટિંગ અને ઓફ-સ્પિન બોલિંગ બંનેમાં ઉપયોગી સાબિત થતા સુંદરનું બહાર થવું એ ભારતીય સ્પિન એટેક અને લોઅર ઓર્ડર બેટિંગ માટે મોટું નુકસાન ગણાવાઈ રહ્યું છે. ટીમ ઈન્ડિયાનો મુખ્ય પેસ એટેકર જસપ્રીત બુમરાહ વર્કલોડ મેનેજમેન્ટ અને નાની ઈજાના કારણે આ શ્રેણીમાં ઉપલબ્ધ રહેશે નહીં. આ સિવાય શાનદાર ફોર્મમાં ચાલી રહેલો યુવા ઓપનર સાઈ સુદર્શન પણ અનફિટ હોવાના કારણે ટીમની બહાર થઈ ચૂક્યો છે. આ બે મુખ્ય ખેલાડીઓના ગયા બાદ વોશિંગ્ટન સુંદરનું આઉટ થવું એ BCCIની આશાઓ પર પાણી ફેરવવા સમાન છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઈન્ટ્સ ટેબલને ધ્યાનમાં રાખીને ભારત માટે શ્રીલંકા સામેની આ શ્રેણી અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. BCCI અને ટીમ મેનેજમેન્ટ પોતાના મુખ્ય ખેલાડીઓની હાજરીમાં આ સીરિઝ સરળતાથી જીતવાની આશા રાખી રહ્યા હતા.

## ક્રિકેટ શ્રેણી રમવા કરગરતા બાંગ્લાદેશને BCCI એ આપ્યો જોરદાર ઝટકો

નવી દિલ્હી

ભારત સાથે ફરી ક્રિકેટ શ્રેણી શરૂ કરવાના બાંગ્લાદેશના પ્રયાસોને મોટો ઝટકો લાગ્યો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ(BCB) સપ્ટેમ્બરમાં ટીમ ઈન્ડિયા સાથે 3 વનડે અને 3 T20 મેચોની શ્રેણી રમવા માટે ઉત્સુક હતું અને બંને બોર્ડ વચ્ચે વાતચીત પણ થઈ હતી. જોકે, ભારતના પહેલાથી જ નક્કી થયેલા શેડ્યુલને કારણે આ શ્રેણી શક્ય બને તેમ નથી. અફઘાનિસ્તાન સામેની શ્રેણીને કારણે યોજના અટકી સપ્ટેમ્બરમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 3 T20 મેચોની શ્રેણી (India Vs Afghanistan T20 Series) યોજાવાની છે, જે 13, 15 અને 17 સપ્ટેમ્બરે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે. અહેવાલો મુજબ આ શ્રેણી પર લગભગ આખરી મહોર વાગી ચૂકી છે અને માત્ર સત્તાવાર જાહેરાત જ બાકી છે. આ જ કારણસર સપ્ટેમ્બર મહિનામાં બાંગ્લાદેશ સાથે ક્રિકેટ મેચ યોજવી શક્ય નથી. આ વર્ષની શરૂઆતમાં રમાયેલા ICC T20 વર્લ્ડ કપ દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ક્રિકેટ સંબંધોમાં તણાવ આવ્યો હતો. બાંગ્લાદેશે ભારતમાં પોતાની મેચો રમવાની ના પાડી દીધી હતી, જેના કારણે તેના સ્થાને સ્કોટલૅન્ડને ટૂર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. બાંગ્લાદેશ બોર્ડની આ જિદ્દને કારણે ટીમ ઈન્ડિયાની T20 વર્લ્ડ કપની યજમાની પર સવાલો ઊભા થયા હતા.

### ACBના સીઈઓ નસીબ ખાને આ અંગે પુષ્ટિ કરી

## ભારત-અફઘાનિસ્તાન વચ્ચે તારીખ સાથે T20 સિરીઝની જાહેરાત

મુંબઇ

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાનારી 3 મેચોની T20 સિરીઝનું શેડ્યૂલ સામે આવ્યું છે. આ સિરીઝ આવતા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં દિલ્હી ખાતે રમાશે. આ પહેલાં જૂનમાં બંને દેશો વચ્ચે 1 ટેસ્ટ અને 3 વનડે મેચોની સિરીઝ રમાઈ હતી, જે બાદ હવે બંને ટીમો T20 સિરીઝ માટે સામસામે ટકરાવા તૈયાર છે.



13થી 17 સપ્ટેમ્બર વચ્ચે રમાશે મેચો ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB)એ સોમવારે (10 ઓગસ્ટ) સ્ટેકહોલ્ડર્સને લખેલા એક પત્રમાં આ સિરીઝ અંગે માહિતી આપી હતી. આ પત્ર મુજબ સિરીઝની ત્રણેય મેચો 13, 15 અને 17 સપ્ટેમ્બરના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ પણ આ તારીખો પર પોતાની સહમતી દર્શાવી દીધી છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના સીઈઓ નસીબ ખાને બોર્ડના કમર્શિયલ પાર્ટનર્સને એક પત્રમાં જણાવ્યું હતું કે, 'અફઘાનિસ્તાન બોર્ડ આ વાતની પુષ્ટિ કરે છે કે અફઘાનિસ્તાનનો ભારત પ્રવાસ (2026) 13 સપ્ટેમ્બરથી 17 સપ્ટેમ્બર વચ્ચે યોજાશે. બોર્ડ એ પણ સ્પષ્ટ કરે છે કે ટુર્નામેન્ટની તારીખો BCCI સાથે નક્કી કરી મંજૂર કરવામાં આવી છે અને મેચોના સ્થળ પણ ફાઈનલ કરી લેવામાં આવ્યા છે.' અધિકારીઓ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેર જાહેરાત કરવામાં આવી નથી.

## રોનાલ્ડોએ 11 વર્ષ બાદ ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા

### એક વર્ષ પહેલા 11 ઓગસ્ટ, 2025ના રોજ તેમણે સગાઈ કરી હતી

મુંબઇ

પોર્ટુગલના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની લોંગ ટાઈમ ગર્લફ્રેન્ડ જોર્જિના રોડ્રિગેઝ સાથે લગ્ન કરી લીધા છે. રોનાલ્ડો અને જોર્જિનાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ સમાચારની પુષ્ટિ કરી છે. આ કપલ છેલ્લા 11 વર્ષથી રિલેશનશિપમાં હતું. બંનેના લગ્ન 11 ઓગસ્ટ, 2026ના રોજ પોર્ટુગલના કાસકૈસમાં એક ખાનગી સમારોહમાં યોજાયા હતા. બરાબર એક વર્ષ પહેલા આ જોડીએ 11 ઓગસ્ટ, 2025ના રોજ સગાઈ કરી હતી.



રોનાલ્ડો અને જોર્જિનાના આ ખાસ પ્રસંગે પરિવારના નજીકના લોકો અને તેમના પાંચેય બાળકો હાજર રહ્યા હતા.

41 વર્ષીય રોનાલ્ડોએ પોતાના લગ્નને સંપૂર્ણપણે પ્રાઈવેટ રાખ્યા હતા. તેમણે અગાઉ ક્યારેય એવો સંકેત આપ્યો ન હતો કે તે લગ્ન કરવા જઈ રહ્યા છે, જેના કારણે ફેન્સ માટે આ એક મોટું સરપ્રાઈઝ સાબિત થયું છે.

રોનાલ્ડો અને જોર્જિનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર જે ફોટો શેર કર્યો છે, તેમાં બંનેના ડાબા હાથમાં રિંગ્સ દેખાઈ રહી છે. આ સિવાય તેમના લગ્નની અન્ય કોઈ તસવીર કે વીડિયો હજુ સુધી સામે આવ્યા નથી. રોનાલ્ડો અને જોર્જિના લગ્ન પહેલાં જ માતા-પિતા બની ચૂક્યા છે અને તેમને પાંચ બાળકો છે. જેમના નામ ક્રિસ્ટિયાનો જુનિયર, જોડિયા બાળકો ઈવા અને માટેઓ, અલાના માર્ટિના તેમજ બેલા એસ્મેરાલ્ડા છે. આ કપલે વર્ષ 2017માં અલાનાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ 2022માં જોર્જિનાએ ફરીથી જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો, પરંતુ જન્મના થોડા સમય બાદ જ તેમના પુત્ર એન્જલનું અવસાન થયું હતું, જ્યારે તેની જોડિયા બહેન બેલા જીવિત રહી હતી.

## બિઝનેસ

### નોએલ ટાટા સાથે મતભેદ અને ટ્રસ્ટમાં ખેંચતાણ કારણભૂત બની

# ચંદ્રશેખરનનું ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું

મુંબઇ

ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જોકે, તેઓ ફેબ્રુઆરી 2027 સુધી આ પદ પર રહેશે. ચંદ્રશેખરનનો આ નિર્ણય 18 ઑગસ્ટે યોજાનારી ટાટા સન્સની AGM પહેલા આવ્યો છે.

ચંદ્રશેખરન 2017માં ટાટા સન્સના ચેરમેન બન્યા હતા. તેઓ ટાટા પરિવારની બહારના પહેલા એવા વ્યાવસાયિક મેનેજર હતા, જેમણે આ સમૂહની કમાન સંભાળી. તેમના કાર્યકાળમાં ટાટા ગ્રુપનો રેવન્યુ બમણાથી વધુ વધ્યો, પરંતુ તાજેતરના દિવસોમાં નવા બિઝનેસમાં ભારે રોકાણ અને



તેમના પરફોર્મન્સને લઈને ટાટા ટ્રસ્ટ્સ સાથે મતભેદ ઊંડા થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટાટા સન્સમાં આશરે 66% હિસ્સેદારી ધરાવતા ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા, ચંદ્રશેખરનના કાર્યકાળના વિસ્તરણની વિરુદ્ધ માનવામાં આવી રહ્યા હતા. ફેબ્રુઆરીમાં બોર્ડે ચંદ્રશેખરનના આગામી 5 વર્ષના કાર્યકાળની ભલામણ કરી હતી, પરંતુ પાછળથી નોએલ ટાટાએ નવા બિઝનેસના પ્રદર્શન પર સવાલો ઉઠાવ્યા અને ચંદ્રશેખરન માટે માત્ર 2 વર્ષના કાર્યકારી કાર્યકાળની વકાલત કરી. રતન ટાટાના નિધન પછી ટાટા ગ્રુપના આંતરિક મતભેદો ખુલ્લેઆમ સામે આવવા લાગ્યા હતા. ઘણા ટ્રસ્ટીઓ પદ છોડી ચૂક્યા છે અને વરિષ્ઠ સરકારી અધિકારીઓએ પણ ટ્રસ્ટીઓને સલાહ આપી હતી કે તેમના પરસ્પર મતભેદની અસર ગ્રુપની કંપનીઓના કામકાજ પર ન પડે. ઘણા અધિકારીઓ અને એક્ઝિક્યુટિવ્સે ચિંતા વ્યક્ત કરી હતી કે આ ખેંચતાણથી ગ્રુપના મહત્વપૂર્ણ નિર્ણયોમાં વિલંબ થઈ રહ્યો છે.

### જુલાઈમાં 4.45% રહી, બીજા મહિને RBIના 4%ના અંદાજ કરતાં વધુ

## છૂટક મોંઘવારી સતત સાતમા મહિને વધી, ખાવા-પીવાની વસ્તુઓ મોંઘી

મુંબઇ

બટાકા-ડુંગળી જેવી ખાદ્ય ચીજોના ભાવ વધવાને કારણે છૂટક મોંઘવારી સતત સાતમા મહિને વધી છે. જુલાઈમાં તે 4.45% રહી. એક મહિના પહેલાં જૂનમાં તે 4.38% પર હતી. આજે 12 ઓગસ્ટે છૂટક મોંઘવારીના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ખાદ્યપદાર્થોની મોંઘવારી એટલે કે ફૂડ ઈન્ફ્લેશન જુલાઈમાં વધીને 5.52% પર પહોંચી ગયું છે. જૂનમાં આ આંકડો 5.32% પર હતો. ધારો કે તમારા ઘરમાં દર મહિને 10 કિલો ડુંગળી વપરાય છે. સામાન્ય દિવસોમાં તેનો ભાવ 30 પ્રતિ કિલો રહેતો હતો. એટલે કે મહિનાનું બજેટ 300. રિઝર્વ બેંકે છૂટક મોંઘવારી દરનો લક્ષ્યાંક 4% નક્કી



કર્યો છે. આ સતત બીજો મહિનો હશે જ્યારે છૂટક મોંઘવારી RBI ના નિર્ધારિત કમ્ફર્ટ ઝોન 4% થી ઉપર નોંધાઈ છે.

મોંઘવારીનું વધવું-ઘટવું પ્રોડક્ટની ડિમાન્ડ-સપ્લાય પર નિર્ભર કરે છે. જો લોકો પાસે પૈસા વધારે હશે તો તેઓ વધારે વસ્તુઓ ખરીદશે. તેનાથી વસ્તુઓની ડિમાન્ડ વધશે અને સપ્લાય ન હોવા પર તેની કિંમત વધશે. જ્યારે જો ડિમાન્ડ ઓછી હશે અને સપ્લાય વધારે તો મોંઘવારી ઓછી થશે. જ્યારે આપણે કહીએ છીએ કે જુલાઈ 2026માં મોંઘવારી 4.45% છે, તો તેનો અર્થ એ છે કે આપણે તેની સરખામણી જુલાઈ 2025 સાથે કરી રહ્યા છીએ. આ આખા એક વર્ષનો ફેરફાર છે.

4.45% એક સરેરાશ આંકડો છે જેને 'કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ' કહેવાય છે. તેમાં તમારા જીવનની અનેક વસ્તુઓ સામેલ છે: કોઈ વસ્તુના ભાવ ખૂબ વધ્યા હશે. કોઈ વસ્તુના ભાવ ઘટ્યા પણ હશે. જ્યારે આ બધાને એકસાથે ભેળવવામાં આવ્યા, તો સરેરાશ ખર્ચ 4.45% વધી ગયો.

### પહેલાં 8000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા

# હવે માર્ક ઝકરબર્ગે કહ્યું કે AIથી હજારો નવી નોકરીઓનુ સર્જન થશે

**કોડિંગથી લઈને દરેક કામમાં હવે ઉત્પાદકતા વધારવા માટે AIનો ઉપયોગ ઝડપથી થઈ રહ્યો છે. જ્યાં એક તરફ તેના કારણે ઘણી કંપનીઓમાં છટણી થઈ રહી છે**

મુંબઇ

કોડિંગથી લઈને દરેક કામમાં હવે ઉત્પાદકતા વધારવા માટે AIનો ઉપયોગ ઝડપથી થઈ રહ્યો છે. જ્યાં એક તરફ તેના કારણે ઘણી કંપનીઓમાં છટણી થઈ રહી છે, તો બીજી તરફ ઘણી મોટી ટેક કંપનીઓના CEO કહી રહ્યા છે કે AI હજારો નવી નોકરીઓને જન્મ આપશે. તેમાં Metaના CEO માર્ક ઝકરબર્ગનું નામ પણ સામેલ છે. તેમનું માનવું છે કે AI આવનારા સમયમાં રોજગારની નવી તકો ઊભી કરશે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા સમય પહેલાં મેટામાં કામ કરતા 8000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. મીટ વેબસાઈટ પર એક બ્લોગમાં માર્કે કહ્યું છે કે સુપરઈન્ટેલિજન્સ એટલે કે એવું AI જે, મનુષ્યની વિચારવાની ક્ષમતાથી પણ આગળ નીકળી શકે છે, સમાજમાં ઘણા મોટા ફેરફારો કરી શકે છે.



તેમણે કહ્યું કે તેની તકો અને પડકારો એટલા મોટા હશે, જેટલા આપણે આપણા જીવનમાં પહેલાં ક્યારેય જોયા નહીં હોય. તેથી તેને ગંભીરતાથી લેવું જરૂરી છે. જોકે, ઝકરબર્ગે AIથી થતા સંભવિત નુકસાન અને ખાસ કરીને નોકરીઓ પર પડતી અસરને લઈને થઈ રહેલી ચર્ચાઓ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે જો લોકો માને છે કે AIના કારણે મોટાભાગની નોકરીઓ અને મનુષ્યનું મહત્વ સમાપ્ત થઈ જશે, તો પછી તેઓ આવા ભવિષ્યને બનાવવાની આટલી ઉતાવળ શા માટે કરી રહ્યા છે. નોંધનીય બાબત એ પણ છે કે Meta પણ AIમાં મોટા પાયે રોકાણ કરનારી કંપનીઓમાં સામેલ છે. કંપની AIમાં રોકાણ વધારવા માટે પહેલાંથી જ હજારો કર્મચારીઓની છટણી કરી ચૂકી છે. Metaની યોજના આ વર્ષે એકલા AI પર 145 અબજ ડોલર સુધી ખર્ચ કરવાની છે. તેનાથી વિપરીત, મેટાના CEO માર્ક ઝકરબર્ગનું માનવું છે કે AI નવી રોજગારી ઊભી કરવામાં મદદ કરશે. AI ગમે તેટલું સ્માર્ટ થઈ જાય, કમ્પ્યુટિંગ ક્ષમતા હંમેશા મર્યાદિત રહેશે અને તેનો ઉપયોગ એક જગ્યાએ કરવા પર તેને બીજી જગ્યાએ ઉપયોગ કરી શકાશે નહીં. ઝકરબર્ગનું એ પણ માનવું છે કે સુપરઈન્ટેલિજન્સની મદદથી લોકો ઓટોમેશનથી પણ વધુ મહત્વપૂર્ણ નવી વસ્તુઓ બનાવી શકે છે.

## સેન્સેક્સ 188 અંક ઘટીને 77966 પર બંધ થયો

■ નિફ્ટી પણ 36 અંક તૂટ્યો, IT અને FMCG શેરોમાં વધુ વેચવાલી રહી

મુંબઇ

શેરબજારમાં આજે એટલે કે 12 ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 188 પોઈન્ટના ઘટાડા સાથે 77,966 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 36 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,436 પર બંધ થયો. આજે IT અને FMCG શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. આ પહેલાં ગઈકાલે એટલે કે 11 ઓગસ્ટે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 388 પોઈન્ટના ઘટાડા સાથે 78,154 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 112 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,472 પર બંધ થયો હતો. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ



અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયા. . સેન્સેક્સ 187.90 પોઈન્ટના ઘટાડા સાથે 77,966 અંકે ખૂલ્યો જ્યારે નિફ્ટી 35.75 પોઈન્ટના ઘટાડા સાથે 24,435 અંકે ખૂલ્યો. બજારમાં સૌથી વધુ વેચવાલી રિયલ્ટી, IT અને FMCG સેક્ટરમાં જોવા મળી રહી છે. નિફ્ટી IT ઈન્ડેક્સમાં આશરે 1.5 ટકાનો ઘટાડો થયો છે.

### વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થતાં અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત

# 300 ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે રાયપુર બિગ બજારથી સારંગપુર સુધી ભવ્ય તિરંગા યાત્રા



અમદાવાદ

વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થતાં અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા 12 ઓગસ્ટ 2026ના રોજ રાયપુર બિગ બજારથી સારંગપુર સુધી ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાંજે 5 કલાકે 300 ફૂટના તિરંગા સાથે આ યાત્રાનું પ્રસ્થાન કરાવશે. યાત્રા રાયપુર ચાર રસ્તા અને ખાડિયા ગેટ થઈ સારંગપુર ચાર રસ્તા ખાતે આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી પૂર્ણ થશે.

**કાલુપુરથી સારંગપુર થઇ એલિસબ્રિજ તરફ જતી BRTS અને AMTS બસોને ડાઈવર્ટ કરાઇ**

યાત્રાના પ્રારંભ પૂર્વે સ્ટેજ પરથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જેવા નીચે ઊતર્યા કે તુરંત જ મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ અને પક્ષના કાર્યકર્તાઓ તેમને ઘેરી વળ્યા હતા. અચાનક મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ જતાં થોડીવાર માટે ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા અને કાર્યક્રમ સ્થળે અફરાતફરી તથા અવ્યવસ્થાનો માહોલ ઊભો થયો હતો. જોકે, ટૂંક જ સમયમાં સ્થિતિ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

યાત્રાને પગલે ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરાયા છે. કાલુપુરથી સારંગપુર થઈ એલિસબ્રિજ તરફ જતી BRTS અને AMTS બસોને ડાઈવર્ટ કરાઈ છે, જ્યારે કાલુપુરથી આસ્ટોડિયા સુધીના તમામ BRTS સ્ટેન્ડ બંધ રહેશે. આ ઉપરાંત રાયપુર દરવાજાથી સારંગપુર, છબીલા હનુમાન, ખાડિયા ગેટ, બાલા હનુમાનથી સારંગપુર ચકલા, કાગડાપીઠ ટીથી આસ્ટોડિયા અને પારસી અગિયારીથી રાયપુર દરવાજા સુધીના માર્ગો વાહનો માટે બંધ રાખવામાં આવ્યા છે.

યાત્રાના રૂટ પર વિવિધ સ્થળોએ શણગાર તથા દેશભક્તિના માહોલને અનુરૂપ સજાવટ કરાઈ છે. યાત્રાને વધુ ભવ્ય બનાવવા માટે રૂટ પર કુલ 11 સ્વાગત સ્ટેજ ઉભા કરાયા છે. આ ઉપરાંત વિવિધ સ્થળોએ દેશભક્તિના ગીતો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. AMCના થીમ આધારિત ટેબ્લો, સેલ્ફી કોર્નર તેમજ રીલ સ્પર્ધા પણ નાગરિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

નાગરિકોની સુવિધા માટે મેડિકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવશે. આ યાત્રામાં હોમગાર્ડ, પોલીસ બેન્ડ, ફાયર વિભાગના જવાનો, સ્કાઉટ બેન્ડ સાથેના વિદ્યાર્થીઓ અને શિક્ષકો, રમતવીરો, વિવિધ સમાજો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપરાંત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાશે. યાત્રાનું ડિજિટલ માધ્યમથી પણ વ્યાપક પ્રસારણ કરવામાં આવશે, જેથી શહેરના વિવિધ વિસ્તારોમાં રહેલા નાગરિકો પણ આ દેશભક્તિના મહોત્સવ સાથે જોડાઈ શકશે. AMC દ્વારા નાગરિકો માટે રીલ સ્પર્ધાનું આયોજન કરાયું છે

## શીલજની આનંદ નિકેતન સ્કૂલ વિવાદમાં DEOની કાર્યવાહી

### આચાર્ય સામે અને કેન્ટીન અંગે પગલાં લેવા આદેશ



અમદાવાદ

અમદાવાદની શીલજ સ્થિત આનંદ નિકેતન સ્કૂલમાં વિદ્યાર્થીના નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળતાં વાલીઓ અને બજરંગ દળ દ્વારા વિરોધ કરાયો. DEOએ આચાર્ય સામે પગલાં લેવા અને કેન્ટીન બંધ રાખવાનો આદેશ આપ્યો છે. આ ગંભીર બેદરકારી બદલ DEOએ સ્કૂલ પાસે એક્શન ટેકન રિપોર્ટ માંગ્યો છે. અન્ય શાળાઓની કેન્ટીનોમાં પણ સરપ્રાઈઝ ચેકિંગ થશે.

અમદાવાદના શીલજ સ્થિત આનંદ નિકેતન સ્કૂલમાં વિદ્યાર્થીના નાસ્તામાંથી કાચનો ટુકડો નીકળવા તેમજ અન્ય ધર્મના પુસ્તકો ફરજિયાત વંચાવવાના આક્ષેપો સાથે વાલીઓ અને બજરંગ દળ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાને પગલે શાળા સંકુલમાં ભારે તંગદિલી સર્જાઈ હતી. વાલીઓના આક્રોશ અને કેટલાક બાહ્ય તત્ત્વોની દખલગીરીને કારણે શિક્ષકો અને સ્ટાફની સુરક્ષા તેમજ માનસિક સ્વાસ્થ્યને ટાંકીને શાળા પ્રશાસને એક દિવસ પૂરતી રજા જાહેર કરી દીધી હતી. સમગ્ર મામલે DEO એક્શનમાં આવી આચાર્ય સામે અને કેન્ટીન અંગે પગલાં લેવા આદેશ કર્યો છે.

આ ગંભીર બેદરકારી સામે અમદાવાદ શહેર-જિલ્લા શિક્ષણાધિકારી(DEO) રોહિત ચૌધરીએ લાલ આંખ કરી છે અને આનંદ નિકેતન સ્કૂલ પાસે એક્શન ટેકન રિપોર્ટ માંગ્યો છે. પ્રાથમિક તપાસમાં શાળાની સ્પષ્ટ ભૂલ છતી થતાં, જ્યાં સુધી ફૂડ સેફ્ટીના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન ન થાય ત્યાં સુધી કેન્ટીન બંધ રાખવાનો અને હાલના પ્રિન્સિપલ સામે કડક પગલાં લેવા આદેશ આપવામાં આવ્યો છે. DEOએ આગામી દિવસોમાં ફૂડ સેફ્ટી વિભાગને સાથે રાખીને શહેરની અન્ય શાળાઓની કેન્ટીનોમાં પણ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવાની જાહેરાત કરી છે.

## સ્ટેન્ડિંગ ચેરમેન કમલેશ પટેલની હાજરીમાં જગદિશ વિશ્વકર્માના જન્મદિવસની ઉજવણી

### મેયર હિતેશ બારોટ, ડે.મેયર અંજુબેન શાહ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલની ઉપસ્થિતિમાં 53 દીવાથી '53'ની પ્રતિકૃતિ રચી પાઠવી શુભેચ્છા, ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને નોટબુક તેમજ તમામ વિદ્યાર્થીઓને ફ્રૂટ-ચોકલેટનું વિતરણ




અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજે બુધવાર, તા. 12 ઓગસ્ટ 2026ના રોજ ઓઢવ ગુજરાતી શાળા નં. 3/5 ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ, ભાજપ અને નિકોલના ધારાસભ્ય જગદીશભાઈ વિશ્વકર્માના 53માં જન્મદિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.

જગદીશભાઈ વિશ્વકર્માના 53માં જન્મદિવસ નિમિત્તે કાર્યક્રમમાં 53 દીવા પ્રગટાવી '53'ની પ્રતિકૃતિ રચી તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વિઝ સ્પર્ધામાં વિજેતા થયેલા દરેક વિદ્યાર્થીને ઈનામ સ્વરૂપે નોટબુક આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શાળાના તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ અને ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલ, ટાઉન પ્લાનિંગ કમિટી ચેરમેન ભાગ્યેશભાઈ, રેવન્યુ કમિટી ચેરમેન મુકેશભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના શાસનાધિકારી એલ.ડી. દેસાઈ, સ્કૂલ બોર્ડ ચેરમેન સુજયભાઈ મહેતા, પ્રગ્નેશભાઈ પટેલ, અંકિતભાઈ રાઠોડ, નીતાબેન પ્રજાપતિ, ઓઢવ વોર્ડ કાઉન્સિલરો નીતાબેન દેસાઈ, મીનુબેન ઠાકુર, જીગરભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ જાની, ઓઢવ વોર્ડ પ્રમુખ વિપુલભાઈ પ્રજાપતિ, વોર્ડ પ્રભારી, મહામંત્રી તેમજ વોર્ડના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં ભાજપ લઘુમતી મોરચા દ્વારા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના 53મા જન્મદિવસની ભવ્ય ઉજવણી




અમદાવાદ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના 53મા જન્મદિવસ નિમિત્તે ભાજપ લઘુમતી મોરચા અમદાવાદ શહેર (કર્ણાવતી મહાનગર) દ્વારા સામાજિક સેવા અને સમરસતાના વિવિધ કાર્યક્રમો યોજીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના લઘુમતી મોરચા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સમાજના વિવિધ વર્ગોને ઉપયોગી થવાના હેતુથી સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. પ્રદેશ અધ્યક્ષના 53મા વર્ષમાં પ્રવેશને યાદગાર બનાવવાના ભાગરૂપે લઘુમતી મોરચા દ્વારા 53 હિન્દુ બહેનોને સાડીઓ તથા 53 લઘુમતી સમાજની બહેનોને ડ્રેસનું સપ્રેમ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સ્થાનિક વિસ્તારના 100 જેટલા નાના બાળકોને પૌષ્ટિક સુખડીનું વિતરણ કરીને તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન દરમિયાન કોમી એકતા, સામાજિક સમરસતા અને 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'ના મંત્રને ચરિતાર્થ કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉત્સવ અને સેવા કાર્યક્રમમાં ભાજપ લઘુમતી મોરચા કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ રઉફભાઈ શેખ, મહામંત્રી દિલજીતસિંગ રક્કડ, શેરૂખાન પઠાણ, સીરાજલખાન પઠાણ તેમજ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ વહાબખાન પઠાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### એરપોર્ટ જેવું બસ સ્ટેશન નહીં સમયસર આવે તેવી બસો આપો

## અમદાવાદના ગીતામંદિર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ ખાતે ટર્મિનલ 2નું લોકર્પણ કરાયું

### 4309 ચોરસ મીટરમાં તૈયાર કરાયેલા નવા ટર્મિનલનું હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું

અમદાવાદ

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે અમદાવાદના ગીતામંદિર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ ખાતે ટર્મિનલ 2નું લોકર્પણ કરાયું હતું. નાગરિકોએ આ બાબતને આવકારી છે અને સાથે સાથે માર્મિક ટકોર પણ કરી હતી કે મુસાફરોને એરપોર્ટ જેવું બસ સ્ટેશન નહીં સમયસર આવે તેવી બસો મળી રહે તો પણ ઘણુ છે. નોંધનીય છે કે રાજ્યમાં અને તેમાં પણ હવે તો ખાસ કરીને શહેરોમાં પણ સરકારી પરિવહન સેવાની કામગીરીને લઈને નાગરિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. નાગરિકોને અદ્યતન બસ સ્ટેશનને બદલે એના ગામ સુધી પહોંચે અને સમયસર મળી રહે તેવી પરિવહન સુવિધાની જરૂર છે. અમદાવાદના ગીતામંદિર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ ખાતે 4309 ચોરસ મીટરમાં તૈયાર કરાયેલા ટર્મિનલ 2 નું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું. આ ટર્મિનલમાં 39 પ્લેટફોર્મ, 570 થી વધુ બેઠકો, કેન્ટીન, પાર્કિંગ, ક્લોક રૂમ અને પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમ જેવી સુવિધાઓ છે. આ ઉપરાંત એસ.ટી. કર્મચારીઓ માટે ત્રીજા માળે રેસ્ટ રૂમ અને ડોર્મેટરી પણ બનાવવામાં આવી છે.

અમદાવાદ શહેરના ગીતામંદિર સ્થિત સેન્ટ્રલ બસ સ્ટેન્ડના નવનિર્મિત ટર્મિનલ 2નું લોકાર્પણ ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોની સુવિધા વધારવાના હેતુથી આ મોર્ડન બસ ટર્મિનલ તૈયાર કરવામાં આવ્યું છે. આ નવા ટર્મિનલથી રાજ્યભરમાં પ્રવાસ કરતા હજારો મુસાફરોને ભારે સુગમતા રહેશે.

નવા બસ ટર્મિનલ 2 નું નિર્માણ કુલ 4309 ચોરસ મીટરના વિશાળ ક્ષેત્રફળમાં કરવામાં આવ્યું છે. આ ટર્મિનલમાંથી એકસાથે અનેક બસોનું સંચાલન થઈ શકે તે માટે કુલ 39 પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે. મુસાફરોને ટિકિટ મેળવવામાં કે મુસાફરી અંગેની માહિતી મેળવવામાં કોઈ તકલીફ ન પડે તે માટે અહીં ટિકિટિંગ અને પૂછપરછ માટે 3 ખાસ કાઉન્ટર, 1 ટુરિસ્ટ ઈન્ફોર્મેશન સેન્ટર અને 1 કન્સેશનર ઓફિસની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### બાઉન્સરના ડ્રેસમાં સજ્જ સફાઈ માર્શલોની ફોજ કોટ વિસ્તારમાં ફરતી રહે છે

## મ્યુનિ.ના સફાઈ માર્શલની કામગીરી સામે મિશ્ર પ્રતિભાવ

પાક્કો ગુજરાત | અમદાવાદ

અમદાવાદમાં મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સફાઈ માર્શલના નામે નવી એક કામગીરી શરૂ કરવામાં આવી છે પણ તેને લઈને નાગરિકો અને ખાસ કરીને વેપારી વર્ગમાં તેના મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યાં છે. બાઉન્સરના ડ્રેસમાં જોવા મળનારા આ સફાઈ માર્શલની કામગીરીને લઈને પણ કેટલાક સ્થળે વિવાદ તો ક્યાંક આવકાર જોવા મળી રહ્યો છે. અગાઉ કેટલાક વેપારીઓ અને ખાસ કરીને ફુટપાથ પર વેપાર-ધંધો કરી રોજની કમાણી કરનારાઓ સાથે યોગ્ય વ્યવહાર ના થયો હોવાના પણ અહેવાલો વચ્ચે સફાઈ માર્શલની કામગીરી સામે સવાલ થયા હતા. દરમિયાન, અમદાવાદ શહેરની આગવી ઓળખ અને ઐતિહાસિક વારસાને સાચવી રાખવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના મધ્યઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ



દ્વારા એક અનોખો અને સરાહનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ ઝુંબેશ માત્ર નિયમોના પાલન પૂરતી સીમિત ન હતી, પરંતુ તેમાં શિસ્ત અને જાગરૂકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. સફાઈ માર્શલ ધ્વારા તા. ૦૩/૦૮/૨૦૨૬ થી તા. ૦૯/૦૮/૨૦૨૬ દરમિયાન સમગ્ર હેરીટેજ રૂટ પર સતત પેટ્રોલિંગ કરીને ગંદકી ફેલાવનારાઓ અને સ્વચ્છતાના નિયમોનો ભંગ કરનારા જુદા જુદા એકમોને કુલ ૨૭ નોટીસ પાઠવી હતી. નિયમોની અણદેખી કરનારાઓ સામે કાર્યવાહી કરીને સ્થળ પર જ ૯૪,૧૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પર્યાવરણ માટે ગંભીર બનેલા પ્લાસ્ટિકના વપરાશ સામે કડક વલણ અપનાવીને પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરનારાઓ પાસેથી ૫,૫૦૦/- નો ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

તંત્રનો આશય માત્ર દંડ વસૂલવાનો નહીં, પણ લોકોની માનસિકતા બદલવાનો હતો. તેથી જ, દંડાત્મક કાર્યવાહીની સાથે સફાઈ માર્શલોએ પ્રેમ અને સમજાવટનો માર્ગ પણ અપનાવ્યો હતો. તેમણે હેરીટેજ રૂટ પર આવેલા ૧૭૦ જેટલા એકમો અને વેપારીઓનો રૂબરૂ સંપર્ક કરી તેમને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું અને પોતાની દુકાનો તથા પરિસરમાં ડસ્ટબિન રાખવા તેમજ કચરાનો યોગ્ય નિકાલ કરવા પ્રેરણા આપી હતી.

### A.M.C. અને તંત્રની શંકાસ્પદ ચુપકીદી!

## બહેરામપુરા બન્યું 'ડેથ ઝોન': કેમિકલયુક્ત પાણી અને ઝેરી ધુમાડાથી જનજીવન ત્રસ્ત

અમદાવાદ

અમદાવાદના બહેરામપુરા વોર્ડમાં જનઆરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. ખોડિયારનગર ચાર રસ્તાથી લઈને સંતોષનગર ચાર માળિયા, રામરહીમનો ટેકરો અને ઢોરબજાર સુધીના વિસ્તારમાં 24 કલાક ધમધમતી અનધિકૃત ફેક્ટરીઓ સ્થાનિક રહીશો માટે કાળમુખો કોપ બનીને ત્રાટકી છે. દિવસ-રાત ફેક્ટરીઓની ચિમનીઓમાંથી નીકળતો કાળો ડીબાંગ ધુમાડો આખી આબહવાને વિષેલી બનાવી રહ્યો છે, જેના કારણે આબાલવૃદ્ધ તમામ લોકો શ્વાસ સંબંધિત ગંભીર બીમારીઓ અને હૃદયરોગ જેવા



રોગોનો ભોગ બની રહ્યા છે. લોકો પોતાના જ ઘરમાં ગૂંગળામણ અનુભવવા મજબૂર બન્યા છે.

વિષમ પરિસ્થિતિ માત્ર હવામાં ફેલાતા પ્રદૂષણ પૂરતી સીમિત નથી, પરંતુ પીવાના શુદ્ધ પાણી સુધી પહોંચી ગઈ છે. આ ફેક્ટરીઓમાંથી છોડાતું કેમિકલયુક્ત ઝેરી પાણી સરકારી પીવાના પાણીની લાઈનો અને ગટરની લાઈનોમાં ભળી રહ્યું છે. પરિણામે રહેવાસીઓના ઘરોમાં દૂષિત અને ભયાનક દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. જળ અને વાયુ બંને સ્તરે ફેલાયેલું આ ઝેર રોગચાળાને ખુલ્લું નિમંત્રણ આપી રહ્યું છે, છતાં તંત્ર મૌન સેવીને બેઠું છે.

આ સમગ્ર સ્થિતિ પાછળ વહીવટી તંત્રની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થાય છે. સ્થાનિક નાગરિકો ત્રાહિમામ પુકારી રહ્યા છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (A.M.C.), ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) અને સ્થાનિક પ્રશાસન આંખ, કાન અને મોઢું બંધ કરીને બેઠા હોય તેમ લાગી રહ્યું છે. રહેણાંક વિસ્તારની વચ્ચે આવી ઘાતક કેમિકલ ફેક્ટરીઓ 24 કલાક કઈ રીતે ચાલી શકે? શું આ બધું જવાબદાર અધિકારીઓ અને નેતાઓની છૂપી સંમતિ કે રહેમનજર હેઠળ ચાલી રહ્યું છે?

પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્રને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપે છે કે પ્રજાના આરોગ્ય સાથે રમત રમતી આ ગેરકાયદેસર ફેક્ટરીઓ પર તાત્કાલિક સીલ મારવામાં આવે.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI